RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 17-10-2026 I VOL : 12 I Issue : 212 I Page : 8 I Price : 1.00/-

**સુવિચાર**

સાચા સંબંધો સમયથી નહીં, વિશ્વાસથી મજબૂત બને છે.
”

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની પહેલથી કરોડોના વિકાસકાર્યોની ભવ્ય ભેટ

4

માણસ ચાલ્યો જાય છે, પણ તેની યાદો ક્યાં જાય છે?

6

કરીના કપૂરે વેડિંગ એનિવર્સરી નિમિત્તે સૈફ સાથેની અમુક તસવીરો પોસ્ટ કરી

7

ચેતન શર્માએ કહ્યું- બોલરો માટે મદદરૂપ પીચ બનાવે BCCI..

## તિરંગા માર્ચ પહેલાં દિલ્હીમાં પોલીસ કાર્યવાહી

# અભિજિત દીપકે અને નેહા બોરાની ફરી અટકાયત



નવી દિલ્હી

દિલ્હીમાં તિરંગા માર્ચના આયોજનને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. 'લહેરા દો તિરંગા' કાર્યક્રમ પહેલાં દિલ્હી પોલીસે CJPના પ્રમુખ અભિજિત દીપકેની અટકાયત કર્યા બાદ હવે AISAનાં નેતા નેહા બોરાનીને પણ મંડી હાઉસ ખાતેથી અટકાયતમાં લીધાં છે. કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્કમાં આયોજિત કાર્યક્રમને ધ્યાનમાં રાખીને પોલીસે સુરક્ષા વ્યવસ્થા કડક બનાવી છે. પોલીસના જણાવ્યા મુજબ, વિસ્તારમાં લાગુ પ્રતિબંધાત્મક આદેશો અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી છે. CJPના પ્રમુખ અભિજિત દીપકે પોતાના ઘરેથી તિરંગા માર્ચમાં જોડાવા માટે કનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક તરફ જઈ રહ્યા હતા. તેઓ NCP-SCPના પ્રવક્તા અનીશ ગાવંડેના નિવાસસ્થાનેથી નીકળ્યા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા. પોલીસ અધિકારીએ તેમને સાવચેતીના ભાગરૂપે અટકાયત કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું. અભિજિત દીપકેએ પોલીસની કાર્યવાહી સામે સવાલ ઉઠાવતાં કહ્યું હતું કે તેઓ એકલા જઈ રહ્યા હતા અને હજુ સેન્ટ્રલ પાર્ક પહોંચ્યા પણ નહોતા, તો તેમને શા માટે રોકવામાં આવે છે? તેમણે પ્રદર્શન માટે ક્યાં જવું જોઈએ તે અંગે પણ પોલીસને સવાલ કર્યો હતો. અભિજિત દીપકેની અટકાયત બાદ દિલ્હી પોલીસે મંડી હાઉસ વિસ્તારમાંથી AISAનાં નેતા નેહા બોરાનીને પણ અટકાયતમાં લીધાં હતાં. તિરંગા માર્ચને લઈને વિવિધ સંગઠનો અને સમર્થકોની હિલચાલ વચ્ચે પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં નજર રાખવામાં આવી રહી છે. અરજદારો વતી રજૂઆત કરતા દાવો કરવામાં આવ્યો હતો કે, વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા SIR પ્રક્રિયા દરમિયાન મનસ્વી અને એકતરફી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે, જેનાથી દેશના નાગરિકોના બંધારણીય મતાધિકાર પર સીધી અસર પડી રહી છે.

## એક નજર...

### 'બિદાઈ' ફેમ પારુલ ચૌહાણે ખરીદ્યું ઘર: વ્લોગ શેર કરીને ચાહકોને બતાવી પોતાના ડ્રીમહોમની ઝલક..



ટીવીના લોકપ્રિય શો 'સપના બાબુલ કા... બિદાઈ'થી ઘરે-ઘરે જાણીતી થયેલી અભિનેત્રી પારુલ ચૌહાણ હાલમાં પોતાના નવા ઘરને લઈને ચર્ચામાં છે. અભિનેત્રીએ પતિ સાથે નવા ઘરમાં ગૃહપ્રવેશ કર્યો હતો અને પોતાના સપનાના સુંદર આશિયાનાની ઝલક ચાહકો સાથે શેર કરી હતી. પારુલે યુટ્યુબ પર પોતાનો પહેલો વીડિયો શેર કરીને ઘરની મુલાકાત કરાવી હતી.

## NEWS TRACK

### હું રાજકારણમાં કોઈ પર ભરોસો નથી કરતો, ઇઝરાયલમાં ચૂંટણી પહેલા નેતન્યાહૂ અંગે ટ્રમ્પનું ચોંકાવનારું નિવેદન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ પર પોતાને કેટલો વિશ્વાસ છે તે અંગે પૂછવામાં આવતાં કહ્યું કે તેઓ રાજકારણમાં કોઈના પર ભરોસો કરતા નથી. ઇઝરાયલમાં 27 ઑક્ટોબરે યોજાનારી ચૂંટણી પહેલાં ટ્રમ્પનું આ નિવેદન સામે આવ્યું છે. નેતન્યાહુની ચૂંટણીમાં ટ્રમ્પની ભૂમિકા શું રહેશે અને તેઓ જાહેરમાં સમર્થન આપશે કે નહીં તે અંગે અટકળો ચાલી રહી છે. ન્યૂઝમેક્સ સાથેની વાતચીતમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ નેતન્યાહુ પર વિશ્વાસ કરે છે. તેના જવાબમાં તેમણે કહ્યું, "સાચું કહું તો હું કોઈના પર વિશ્વાસ કરતો નથી. રાજકારણની દુનિયામાં હું કોઈના પર ભરોસો કરતો નથી." નેતન્યાહુના ચૂંટણી પ્રચારમાં ભાગ લેવા અંગે પૂછવામાં આવતાં ટ્રમ્પે કહ્યું કે ઇઝરાયલના લોકો ઇચ્છે છે કે તેઓ સામેલ થાય. જોકે, તેમણે નેતન્યાહુને ચૂંટણીમાં સમર્થન આપવાની સ્પષ્ટ જાહેરાત કરી નહોતી. ટ્રમ્પે બંને વચ્ચેના સંબંધોને "ખૂબ સારા" ગણાવ્યા હતા અને ઈરાન સામેની લશ્કરી ભાગીદારી (ડિફેન્સ અલાયન્સ)ને સફળ ગણાવી હતી.

### રશિયામાં 7.0 નો શક્તિશાળી ભૂકંપ, જાપાનમાં 6.9 ની તીવ્રતાના ભૂકંપને ભૂલથી 9.9નું બતાવાયું

રશિયાના દૂર પૂર્વમાં આવેલા કામચાટકા વિસ્તારમાં શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC)ના પ્રાથમિક આંકડા મુજબ, ભૂકંપની તીવ્રતા 7.0 નોંધાઈ હતી. બીજી તરફ, અમેરિકાના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (USGS)એ તેની તીવ્રતા 6.9 જણાવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી આશરે 140 કિલોમીટર ઊંડે હતો. ભૂકંપનું કેન્દ્ર રશિયાના વિલ્યુચિન્સ્ક શહેરથી લગભગ 123 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમમાં હોવાનું જણાવાયું હતું. સ્થાનિક સમય પ્રમાણે બપોરે આશરે 3:35 વાગ્યે આ આંચકા નોંધાયા હતા. શરૂઆતની માહિતી મુજબ, આ ભૂકંપ બાદ સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી નહોતી. અમેરિકાના રાષ્ટ્રીય સુનામી ચેતવણી કેન્દ્રે પણ સુનામીનું જોખમ ન હોવાનું જણાવ્યું હતું. આ ઘટનાક્રમ વચ્ચે જાપાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અહેવાલમાં તેની તીવ્રતા 6.9 દર્શાવવામાં આવી છે. જોકે, જાપાનની હવામાન વિજ્ઞાન એજન્સીએ ભૂલથી 9.9ની તીવ્રતાના ભૂકંપની પ્રાથમિક ચેતવણી જાહેર કરી દીધી હતી.

## રાજનાથ સિંહનો રાહુલ ગાંધી પર પ્રહાર: 'બાંગ્લાદેશ જેવી સત્તાપલટની કોશિશ'

### દિલ્હીનાં પ્રદર્શનોને લઈને વિપક્ષ પર ગંભીર આક્ષેપો; યુવાનોને ગેરમાર્ગે દોરી લોકશાહી સંસ્થાઓને નબળી પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે : રક્ષામંત્રીએ

નવી દિલ્હી

દિલ્હીમાં તાજેતરમાં થયેલા પ્રદર્શનોના મુદ્દે દેશનું રાજકારણ ગરમાયું છે. રક્ષામંત્રી રાજનાથ સિંહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તેમના સહયોગી પક્ષો પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો છે કે વિપક્ષ યુવાનોને ગેરમાર્ગે દોરી દેશમાં અસ્થિરતા ઊભી કરવા માગે છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે વિપક્ષ બાંગ્લાદેશ જેવી સ્થિતિ સર્જીને સરકાર બદલવા ઇચ્છે છે. લખનઉમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં રાજનાથે આ નિવેદનો આપ્યાં હતાં. રાજનાથ સિંહે કહ્યું કે લોકશાહીનો અર્થ બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાની કે દેશની વિકાસયાત્રામાં અવરોધ ઊભો કરવાની છૂટ નથી. રાહુલ ગાંધી અને તેમના સહયોગીઓએ જનમતનું સન્માન કરીને પોતાની રાજકીય ભૂમિકા અંગે આત્મમંથન કરવું જોઈએ. તેમણે ટકરાવને બદલે રાષ્ટ્રનિર્માણનો માર્ગ પસંદ કરવાની અપીલ પણ કરી હતી. રક્ષામંત્રીએ 'રેજિમ ચેન્જ' એટલે કે સત્તાપલટ જેવા શબ્દોના ઉપયોગને ટાંકીને દાવો કર્યો કે વિપક્ષની લડાઈ માત્ર ચૂંટણી સુધારા, SIR પ્રક્રિયા કે ચૂંટણી પંચના મુદ્દા પૂરતી મર્યાદિત નથી. તેમના મતે, આ પ્રયાસો દ્વારા દેશમાં અરાજકતા ઊભી કરીને કોઈપણ રીતે સત્તા મેળવવાનો હેતુ છે.

## રાજસ્થાનમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા: કેદારનાથ-બદરીનાથ અને હેમકુંડ સાહિબમાં હિમવર્ષા

નવી દિલ્હી

રાજસ્થાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી હવામાન બદલાઈ ગયું છે. ગુરુવારે 7થી વધુ જિલ્લાઓમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા. વરસાદ અને કરા પડવાથી તાપમાનમાં 5 ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. આજે પણ 7 જિલ્લાઓમાં વરસાદ અને કરા પડવાની ચેતવણી છે. ઉત્તરાખંડના 8 જિલ્લાઓમાં આજે વરસાદની ચેતવણી છે. આ પહેલાં ગુરુવારે કેદારનાથ, ચોપતા, હેમકુંડ સાહિબ અને બદરીનાથના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. શુક્રવારે સવારે કેદારનાથમાં તાપમાન -6C અને બદરીનાથમાં -5C નોંધાયું હતું. બિહારમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય બાદ હવે પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હળવો વરસાદ થઈ શકે છે. બીજી તરફ, 17 અને 18 ઑક્ટોબરે ઉત્તર બિહારના કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ થઈ શકે છે. યુપીમાં હવામાન વિભાગે આજે 37 જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જાહેર કરી છે.

### પક્ષના વલણથી નારાજ થઈ રાજીનામું આપ્યું

## ઉદ્ધવ ઠાકરેને મોટો ઝટકો: રાષ્ટ્રીય પ્રવક્તા આનંદ દુબે શિંદે જૂથમાં જોડાયા

### 'કૉકરોચવાળી ટ્રેનમાં સફર નહીં કરું'ના નિવેદનથી મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ

નવી દિલ્હી

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર પક્ષપલટાને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ને મોટો રાજકીય ઝટકો આપતાં પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા આનંદ દુબેએ રાજીનામું આપી દીધું છે. પ્રાથમિક સભ્યપદ અને પ્રવક્તા પદ છોડ્યા બાદ તેઓ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં શિંદે જૂથની શિવસેનામાં જોડાયા હતા. દુબેના આ નિર્ણયને ઉદ્ધવ ઠાકરે જૂથ માટે મહત્ત્વપૂર્ણ રાજકીય નુકસાન તરીકે જોવામાં આવી રહ્યો છે. આનંદ દુબેએ જણાવ્યું હતું કે તેમણે ભારે હૈયે પક્ષ



છોડવાનો નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક મહિનાઓથી તેઓ પક્ષની અંદર ચાલી રહેલી બાબતોથી નારાજ હતા. ખાસ કરીને ચૂંટણી પંચ અને SIR એટલે કે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા અંગે શિવસેના (UBT) દ્વારા અપનાવવામાં આવેલા વલણ સાથે તેઓ સહમત નહોતા. આ મુદ્દાઓએ પક્ષ સાથેના તેમના મતભેદોને વધુ ઘેરા બનાવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. પક્ષ છોડ્યા બાદ આનંદ દુબેએ આપેલું નિવેદન રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. તેમણે કહ્યું હતું કે, 'જે ટ્રેનમાં કૉકરોચ હોય, હું તે ટ્રેનમાં સફર નહીં કરું.' આ નિવેદન દ્વારા તેમણે જૂના પક્ષ પ્રત્યેની નારાજગી આક્રમક અંદાજમાં વ્યક્ત કરી હતી. તેમના મતે, યોગ્ય રાજકીય મંચ મળ્યા બાદ જ તેમણે પક્ષ બદલવાનો નિર્ણય લીધો છે. આનંદ દુબેએ પોતાના નિવેદનમાં શરજીલ ઈમામ, ઉમર ખાલિદ અને ધ્રુવ રાઠીને પોતાના આદર્શ માનવાનો ઈનકાર કર્યો હતો.

# ભાજપ સરકારનો ખેડૂતો પર આર્થિક સર્જિકલ સ્ટ્રાઇક

## NPK ખાતરમાં ગુનો કર્યો હોય તેમ રૂ.500નો તોતિંગ વધારો! કોંગ્રેસે કહ્યું- 'ઉદ્યોગપતિઓના 16 લાખ કરોડ માફ કરનારી સરકાર ખેડૂતોને દેવાના અંધારામાં ધકેલે છે'



ગાંધીનગર

ગુજરાતના ૫૮ લાખથી વધુ ખેડૂતો અને કમરતોડ મહેનત કરતા ધરતીપુત્રો માટે વધુ એક માઠા અહેવાલ આવ્યા છે. એકતરફ બિયારણ, જંતુનાશક દવાઓ અને ખેત મજૂરીના ભાવ આસમાને પહોંચ્યા છે, ત્યારે ઈફકો (IFFCO) દ્વારા NPK ખાતરના ભાવમાં પ્રતિ થેલી રૂ. ૫૦૦નો સીધો તોતિંગ વધારો ઝીંકી દેવાતાં ખેડૂતોના પડતા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે. ૧,૯૫૦માં મળતી થેલી હવે ૨,૪૫૦માં ખરીદવા મજબૂર બનતા ખેડૂત સમુદાયમાં ચારેકોર પ્રચંડ આક્રોશ વ્યાપી ગયો છે.

આ ગંભીર અને કટોકટીપૂર્ણ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા સણસણતો સવાલ પૂછ્યો છે કે:

'જે સરકાર દેશના ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિઓના ૧૬ લાખ કરોડના દેવા આંખ બંધ કરીને માફ કરી શકે છે, તે જ ભાજપ સરકાર દિવસ-રાત પસીનો પાડતા ખેડૂતોનું દેવું માફ કેમ નથી કરતી?'

### ખેડૂતો પર બેવડો માર: વધતો ઇનપુટ કોસ્ટ અને મર્યાદિત આવક

ડૉ. મનિષ દોશીએ અખબારી યાદી દ્વારા ખેડૂતોની કૂદકે ને ભૂસકે વણસતી જતી સ્થિતિ અંગે ગહન ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે: ૨૫ ટકાનો તોતિંગ ભાવ વધારો: NPK ખાતરમાં પ્રતિ બેગ રૂ. ૫૦૦નો આંકડાકીય વધારો એટલે કે સીધો ૨૫%નો ભાવ વધારો. આ વધારો ગુજરાતના ૫૮ લાખથી વધુ ખેડૂતોના ખિસ્સા પર સીધો ડાકા સમાન છે.

ખેતી ખર્ચમાં અનિયંત્રિત ઉછાળો: ભાજપ શાસનમાં ખાતર, બિયારણ, ડીઝલ, જંતુનાશક દવાઓ અને ખેત ઓજારો સુધીની તમામ પાયાની જરૂરિયાતો મોંઘીદાટ થઈ ગઈ છે.

પાકના પોષણક્ષમ ભાવનો અભાવ: એકતરફ ઈનપુટ ખર્ચ સતત વધી રહ્યો છે, તો બીજી તરફ ખેડૂતોના પાકના બજારભાવ દબાણ હેઠળ છે અથવા સ્થિર છે. ખેડૂતો આજે વધતા ખર્ચ અને ઘટેલી આવકના બેવડા ચક્રવ્યૂહમાં ફસાયા છે.

### ગુજરાતના ખેડૂતો પર 74,000 કરોડથી વધુનું દેવું!

જાહેર ક્ષેત્રની બેંકોના આંકડા ટાંકીને કોંગ્રેસ પ્રવક્તાએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે ગુજરાતમાં કૃષિ લોનનો આંકડો જ રૂ. ૭૪,૦૦૦ કરોડથી વધુ પહોંચી ચૂક્યો છે, જ્યારે ખાનગી અને અન્ય દેવાં ગણીએ તો આ અંદાજ ક્યાંય વધારે ઊંચો છે.

તેમણે ઉમેર્યું કે કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર ખેડૂતોની આવક બમણી કરવાના પોકળ વાયદાઓ કરતી રહી, પણ વાસ્તવિકતા એ છે કે જીએસટી (GST) અને વધતા ખાતરના ભાવે ખેડૂતોને કંગાળિયત તરફ ધકેલી દીધા છે. આંતરરાષ્ટ્રીય કાચા માલના ભાવ વધારાનું બહાનું કાઢીને કંપનીઓ હાથ ઊંચા કરી લે છે અને સરકાર પૂરતી સબસિડી આપવાને બદલે મૌન સેવી રહી છે.

### ખેડૂતોના હિત માટે આરપારની લડાઈની ચીમકી

અંતમાં ડૉ. મનિષ દોશીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, 'ગુજરાતનો ખેડૂત આજે સરકારની નીતિઓના કારણે દેવાની ઊંડી ખાઈમાં ધકેલાઈ રહ્યો છે. કોંગ્રેસ પક્ષ રાજ્યના ૫૮ લાખ ખેડૂતો સાથે મક્કમતાથી ઊભો છે અને જ્યાં સુધી ખાતરનો ભાવ વધારો પાછો ખેંચવામાં નહીં આવે અને ખેડૂતોને યોગ્ય રાહત નહીં મળે, ત્યાં સુધી ગાંધીથી ચીંધ્યા માર્ગે આંદોલન ચાલુ રાખશે.'

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## 12 હજાર જગ્યાઓની જાહેરાત સામે ભરતીના આંકડા ઓછા હોવાનો આક્ષેપ

# વીજ કંપનીઓમાં કાયમી ભરતીની માગ સાથે ઉમેદવારો ગાંધીનગરમાં રસ્તા પર ઉતર્યા

### UGVCLમાં 4,892 ઉમેદવારો લેખિત પરીક્ષામાં સફળ છતાં પ્રથમ બે રાઉન્ડમાં માત્ર 297ની પસંદગી થતાં રોષ : સફળ ઉમેદવારોની સંખ્યાની સરખામણીએ પસંદગી ઓછી થતાં બાકીના ઉમેદવારોમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે



ગાંધીનગર

ગુજરાતમાં વીજ કંપનીઓમાં સરકારી નોકરી મેળવવા માટે તૈયારી કરતા બેરોજગાર યુવાનોમાં ભરતી પ્રક્રિયાને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે. રાજ્યના ઊર્જા વિભાગ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) અને ઉત્તર ગુજરાત વિજ કંપની લિમિટેડ (UGVCL)માં ખાલી જગ્યાઓ વધારીને કાયમી ભરતી કરવાની માગ સાથે ઉમેદવારોએ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં-પ્રદર્શન કર્યું હતું. ઉમેદવારોએ લાંબા સમયથી ચાલતી ભરતી પ્રક્રિયામાં ઝડપ લાવવા અને સફળ ઉમેદવારોને યોગ્ય તક આપવા રજૂઆત કરી હતી.

### 12 હજાર જગ્યાઓની જાહેરાત સામે ભરતી ઓછી હોવાનો આક્ષેપ

ઉમેદવારોના જણાવ્યા મુજબ, અગાઉ સરકાર દ્વારા આશરે 12 હજાર જગ્યાઓ પર ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, તેની સામે વાસ્તવિક ભરતીનો આંકડો ઘણો ઓછો રહ્યો હોવાનો તેમનો આક્ષેપ છે. આ સ્થિતિને કારણે પરીક્ષાઓમાં સફળ થવા છતાં નોકરીની રાહ જોઈ રહેલા યુવાનોમાં નારાજગી વધી છે.

### UGVCLમાં 4,892 ઉમેદવારો સફળ, પસંદગી માત્ર 297ની

UGVCLમાં વિદ્યુત સહાયકની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોએ જણાવ્યું હતું કે આશરે 6,600 ઉમેદવારોએ પોલ ટેસ્ટ આપ્યો હતો, જેમાંથી 4,892 ઉમેદવારો લેખિત પરીક્ષામાં સફળ થયા હતા. તેમ છતાં પ્રથમ ભરતી રાઉન્ડમાં 183 અને બીજા રાઉન્ડમાં 114 મળીને કુલ 297 ઉમેદવારોનો જ સમાવેશ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

સફળ ઉમેદવારોની સંખ્યાની સરખામણીએ પસંદગી ઓછી થતાં બાકીના ઉમેદવારોમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. આથી ભરતીના બાકી રાઉન્ડ ઝડપથી પૂર્ણ કરવાની માગ ઉઠી છે.

### 1500થી વધુ જગ્યાઓ પર કાયમી નિમણૂકની માગ

પ્રદર્શન કરી રહેલા ઉમેદવારોએ GETCO અને UGVCLમાં વિદ્યુત સહાયક તથા ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માગ કરી છે. તેમના જણાવ્યા મુજબ, મંજૂર મહેકમ પ્રમાણે ઓછામાં ઓછી 1,500થી વધુ જગ્યાઓ પર કાયમી નિમણૂક કરવામાં આવે.

આ ઉપરાંત વીજ ક્ષેત્રમાં આઉટસોર્સિંગ અને FRT પ્રથા બંધ કરી પારદર્શક રીતે કાયમી ભરતી હાથ ધરવાની તથા ભરતી પ્રક્રિયાના તમામ છ રાઉન્ડ પૂર્ણ કરવાની માગ પણ રજૂ કરવામાં આવી છે.

### 'વારંવાર રજૂઆત છતાં ઉકેલ મળતો નથી'

ગાંધીનગરમાં પ્રદર્શન દરમિયાન ઉમેદવાર જયેશ જોશીએ જણાવ્યું હતું કે ઉમેદવારોએ લાંબા સમયથી મહેનત કરીને પરીક્ષાઓ પાસ કરી છે.

તેમ છતાં વારંવાર રજૂઆતો અને આવેદનપત્રો આપવા છતાં સંતોષકારક જવાબ મળતો ન હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

### માગણીઓ નહીં સંતોષાય તો રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

ઉમેદવારોએ ચેતવણી આપી છે કે વીજ કંપનીઓમાં પૂરતી સંખ્યામાં કાયમી જગ્યાઓ ભરવામાં નહીં આવે અને ભરતી પ્રક્રિયાને લઈને સ્પષ્ટ નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. હવે સરકાર અને સંબંધિત વીજ કંપનીઓ તરફથી ઉમેદવારોની માગણીઓ અંગે શું પગલાં લેવાય છે તેના પર સૌની નજર રહેશે.

---

## શ્રમિક અન્નપૂર્ણા યોજનાને વેગ: રાજ્યમાં 101 નવાં કેન્દ્રોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઈ-લોકાર્પણ

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત રાજ્યના 28 જિલ્લાઓમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાનાં નવાં 101 કેન્દ્રોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદના ચાણક્યપુરી બ્રિજ ખાતે આવેલા અન્નપૂર્ણા કેન્દ્ર પર મુખ્યમંત્રીએ શ્રમિકોને ભોજન પીરસીને સેવાદાનમાં સહભાગી થયા હતા અને શ્રમિકો સાથે સંવાદ પણ કર્યો હતો.

બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનોને નજીવા દરે પૌષ્ટિક ભોજન મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. નવાં કેન્દ્રો શરૂ થતાં હવે ગુજરાતના તમામ 34 જિલ્લાઓમાં કુલ 394 કેન્દ્રો પરથી શ્રમિકોને ભોજનનો લાભ મળશે. આ કેન્દ્રો પર વ્યક્તિદીઠ માત્ર પાંચ રૂપિયાના નજીવા દરે ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વર્ષ 2017થી આ યોજના કાર્યરત છે. અગાઉ રાજ્યમાં 293 કેન્દ્રો દ્વારા દરરોજ સરેરાશ 35 હજારથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવતું હતું. અત્યાર સુધીમાં યોજના હેઠળ પાંચ કરોડથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. નવાં કેન્દ્રોના ઉમેરા સાથે દૈનિક ભોજન વિતરણમાં અંદાજે 10 હજાર ભોજનનો વધારો થશે. પરિણામે હવે દરરોજ આશરે 45 હજાર શ્રમિકોને ભોજનનો લાભ મળી શકશે. ભોજનમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચાં અને ગોળ આપવામાં આવે છે.

## ધોલેરા બનશે ભારતનું પ્રથમ 'સેમિકોન સિટી', મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસકાર્યોની સમીક્ષા કરી

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવા ગુજરાતમાં નિર્માણાધીન મહત્વપૂર્ણ ફ્લેગશિપ પ્રોજેક્ટ્સની સ્થળ મુલાકાત લઈને સમીક્ષા કરવાના અભિગમ હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (SIR)ની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે વિવિધ ઔદ્યોગિક, સામાજિક અને શહેરી માળખાકીય સુવિધાઓની પ્રગતિનું નિરીક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ ધોલેરામાં નિર્માણ પામી રહેલી ટાટા ઈલેક્ટ્રોનિક્સની સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટીની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ સેમિકન્ડક્ટર ઉત્પાદન, સહાયક ઉદ્યોગો, ટેકનોલોજી કંપનીઓ અને કુશળ રોજગારની નવી તકો ઊભી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ધોલેરામાં ઉદ્યોગોની સાથે સામાજિક સુવિધાઓ વિકસાવવા પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીએ 200 બેડની મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ, ઈન્ટિગ્રેટેડ સ્કૂલ, ફાયર સ્ટેશન, 42 રૂમનું અદ્યતન ગેસ્ટ હાઉસ, 600 લોકોની ક્ષમતાવાળી ફૂડ કોર્ટ, ટેન્ટ સિટી, હોટેલ તથા રહેણાંક અને વ્યાપારી પ્રોજેક્ટ્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

પર્યાવરણ સંરક્ષણના ભાગરૂપે 53 હેક્ટર વિસ્તારમાં 1.11 લાખથી વધુ રોપાઓ વાવવાની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

## પ્લાસવાની એમ. જે. કુંભાણી હાઈસ્કૂલ વિવાદોમાં: વિદ્યાર્થીઓને અન્ય શાળાઓના L.C. આપવાના આક્ષેપો

જૂનાગઢ

જૂનાગઢ તાલુકાના પ્લાસવા ગામની એમ. જે. કુંભાણી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને અન્ય શાળાઓના સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (એલસી) પધરાવી દેવાયાના ગંભીર આક્ષેપો ઊઠતા શિક્ષણ જગતમાં ભારે હડકંપ મચી ગયો છે. શાળા છોડતી વખતે મળેલા એલસીમાં અગાઉની શાળા, ગામ અને જન્મતારીખ જેવી અતિ મહત્વપૂર્ણ વિગતોમાં ગંભીર વિસંગતતાઓ સામે આવી છે. આ સમગ્ર મામલે વાલીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ફરિયાદોના આધારે જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) કચેરી દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પ્લાસવા ગામના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મનીષ નાવડિયા, રાકેશ મકવાણા અને સંદીપ ચૌહાણે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તેમણે ધોરણ 9 અને 10 નો અભ્યાસ આ જ શાળામાં કર્યો હતો. તેમ છતાં તેમની મંજૂરી કે જાણ વગર આશરે 15 થી 19 જેટલા વિદ્યાર્થીઓના એલસી અન્ય શાળાઓમાં ડાયવર્ટ કરી દેવાયા હતા. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો કે તેમની પાસે નવમા ધોરણની માર્કશીટ હોવા છતાં શાળા તંત્ર યોગ્ય જવાબ આપતું નથી. જો નિષ્પક્ષ તપાસ નહીં થાય તો ગાંધીનગર સુધી રજૂઆત કરવાની તેમણે ચીમકી આપી હતી. જૂનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ મનોજ જોશીએ ગ્રાન્ટેડ શાળાઓમાં ભૂતિયા વિદ્યાર્થીઓ દર્શાવી સરકારમાંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ પચાવી પાડવાનું મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો છે.

## શૂઝ અને સીટ-કવરમાંથી 1.52 કરોડના સોના-ચાંદી મળ્યા

રાજકોટ

રાજકોટના આજી GIDC વિસ્તારમાં આવેલી તન્વી ગોલ્ડ રિફાઈનરી બહાર 14 ઓક્ટોબરના રોજ લાલજીભાઈ સરધારા પર 3 રાઉન્ડ ફાયરિંગ કરી 1 કિલો સોનું અને 3 કિલો ચાંદી લૂંટી હત્યા કરવાના કેસનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. રાજકોટ શહેર પોલીસની 10થી 15 ટીમોએ 3-4 જિલ્લા અને 2 રાજ્યોની પોલીસના સંકલનથી ઓપરેશન પાર પાડીને ઉત્તર પ્રદેશની કુખ્યાત ગેંગના તમામ 10 આરોપીઓને માત્ર 9 કલાકમાં દબોચી લીધા છે. પોલીસે લૂંટમાં ગયેલા સોના-ચાંદી સહિત કુલ 1.52 કરોડથી વધુનો 100% મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે.

જોઈન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિકે વિગતો આપતાં જણાવ્યું હતું કે, લૂંટને અંજામ આપ્યા બાદ આરોપીઓએ પોલીસ તપાસથી બચવા માટે સોના-ચાંદીના ઢાળિયા પોતાના શૂઝ તેમજ કારના સીટ-કવરમાં ચાલાકીપૂર્વક સંતાડી દીધા હતા. જોકે, પોલીસે AI ટેક્નોલોજી, CCTV નેટવર્ક અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીઓની કડી મેળવીને તમામ 10 આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

---

## ધારાસભ્ય જેલમાં હોવાથી માનસિક તણાવમાં હોવાની ચર્ચા

# ચૈતર વસાવાના નાના ભાઈએ ઝેરી દવા પીધી: સુરત સિવિલમાં વેન્ટિલેટર પર સારવાર, હાલત ગંભીર



સુરત/નર્મદા

ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના નાના ભાઈ શાંતિલાલ વસાવાએ ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. 35 વર્ષીય શાંતિલાલની હાલ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઓર્ગેનોફોસ્ફરસ ઝેરની અસરને કારણે તેમની હાલત ગંભીર હોવાનું હોસ્પિટલ તંત્રએ જણાવ્યું છે. બીજી તરફ, ભાઈની સારવાર અને પરિવારની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ચૈતર વસાવાએ હાઈકોર્ટમાં વચગાળાના જામીન માટે અરજી કરી હતી, જેને પગલે તેમને એક દિવસના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. સુરત સિવિલ હોસ્પિટલનાં સુપરિન્ટેન્ડન્ટ પારુલ વડગામાના જણાવ્યા અનુસાર, શાંતિલાલ દામજીભાઈ વસાવાને 12 ઑક્ટોબરે મેડિકલ ICUમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને ઓર્ગેનોફોસ્ફરસ પોઈઝનિંગ થયું હોવાનું નિદાન થયું છે. હાલ તેઓ વેન્ટિલેટર પર છે અને ભાનમાં નથી. હોસ્પિટલના મેડિસિન વિભાગના ડૉક્ટર અશ્વિન વસાવાની દેખરેખ હેઠળ શાંતિલાલની સારવાર ચાલી રહી છે. તેમને વેન્ટિલેટર સપોર્ટ, નેબ્યુલાઈઝેશન, એન્ટિબાયોટિક્સ, નસ મારફતે પ્રવાહી અને બ્લડપ્રેશર નિયંત્રિત કરવાની દવાઓ સહિતની સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલ તંત્રના જણાવ્યા મુજબ, દર્દીની હાલતમાં હજુ નોંધપાત્ર સુધારો થયો નથી. તેમની સ્થિતિ ગંભીર છે અને સતત તબીબી દેખરેખ રાખવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, મોટા ભાઈ ચૈતર વસાવાને સાત વર્ષની કેદની સજા થયા બાદ શાંતિલાલ માનસિક તણાવમાં રહેતા હોવાની વાત સામે આવી છે. જોકે, ઝેરી દવા પીવા પાછળનાં ચોક્કસ કારણો અંગે સત્તાવાર તપાસની વિગતો ઉપલબ્ધ નથી.

તેથી આ ઘટનાનાં કારણો અંગે અંતિમ નિષ્કર્ષ પર પહોંચવું વહેલું ગણાશે. શાંતિલાલની ગંભીર સ્થિતિને પગલે ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ દિવસના વચગાળાના જામીન માગતી અરજી કરી હતી. અરજીમાં નાના ભાઈએ ઝેરી દવા પીધી હોવાથી તેમની પાસે રહેવા અને પરિવારની પરિસ્થિતિ સંભાળવા માટે રાહત માગવામાં આવી હતી. હાઈકોર્ટે તેમને એક દિવસના વચગાળાના જામીન મંજૂર કર્યા હતા.

## જોલવામાં દુકાનમાંથી રૂ.6.95 લાખની નશાકારક તરંગ વિજયાવટીની ગોળીઓ ઝડપાઈ

ભરૂચ

ભરૂચની એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW)એ વાગરા તાલુકાના જોલવા ગામે પ્લેટિનિયમ કોમ્પ્લેક્સ સામે ફિલાટેક્સ ચોકડી પર આવેલી દેવ નારાયણ ટી કોર્નર નામની દુકાનમાં દરોડો પાડી રૂ.6.95 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દુકાનમાંથી 13 કિલો 400 ગ્રામ નશાકારક તરંગ વિજયાવટીની ગોળીઓ મળી આવી હતી. બાતમીના આધારે ANWની ટીમે કાયદેસરની કાર્યવાહી કરી દરોડો પાડતાં ગોવિંદ શંકર રેબારી (ઉં.વ.27) ગેરકાયદેસર રીતે નશાકારક ગોળીઓનો જથ્થો રાખી છૂટક વેચાણ કરતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે રૂ.6.70 લાખની કિંમતની ગોળીઓ અને રૂ.25 હજારનો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.6.95 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં આરોપી ગોવિંદ રેબારી આર્થિક લાભ મેળવવાના ઈરાદે દુધારામ નામના રાજસ્થાની શખસ પાસેથી ગોળીઓ મંગાવી દુકાનમાં રાખીને વેચાણ કરતો હોવાનું સામે આવ્યું છે. આ મામલે દહેજ પોલીસ મથકે NDPS એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં ગોવિંદ શંકર રેબારીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે દુધારામ નામનો રાજસ્થાની શખસ વોન્ટેડ છે. તે હાલ વાગરા તાલુકાના ભેંસલી ગામે રહેતો હોવાનું અને મૂળ રાજસ્થાનના લાછુડા ગામનો હોવાનું જાણવા મળ્યું છે. તેનું પૂરું નામ અને સરનામું મેળવવા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



## વડોદરા મહાનગરપાલિકાનું મંગળ બજારમાં કડક મેગા ડિમોલિશન કરાયું

### દુકાનો આગળ ગેરકાયદેસર ઠોકેલા શેડ-પાઈપો અને સાઈઝ સ્ટેન્ડના દબાણો પર ફેરવાયું પાલિકાનું બુલડોઝર!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના હૃદયસમા અને અત્યંત ધમધમતા મંગળ બજાર વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકાના દબાણ શાખાના કાફલાએ ધડાકાભેર દરોડા પાડીને મોટું ઓપરેશન હાથ ધર્યું છે. લાંબા સમયથી મંગળ બજારમાં દુકાનદારો અને વેપારીઓ દ્વારા રસ્તાઓ પર દબાણ કરીને લગાવાયેલા ગેરકાયદેસર શેડ, લોખંડના પાઈપો અને રસ્તા રોકીને મુકાયેલા સાઈઝ સ્ટેન્ડ સામે પાલિકાએ આક્રમક કાર્યવાહી કરી સમગ્ર વિસ્તારને ખુલ્લો કરાવ્યો છે. પાલિકાના આ અચાનક સપાટાથી નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી. મંગળ બજારમાં રોજના હજારો નાગરિકો ખરીદી માટે આવતા હોય છે. પરંતુ કેટલાક વેપારીઓએ પોતાની દુકાનોના આગળના ભાગે ગેરકાયદેસર રીતે લોખંડના પાઈપો ઊભા કરી, મોટા મોટા શેડ બનાવી દીધા હતા. આટલેથી ન અટકતા, રસ્તાની આજુબાજુ કપડાં અને અન્ય સામાન પ્રદર્શિત કરવા માટે સાઈઝ સ્ટેન્ડ ગોઠવીને માર્ગો અત્યંત સાંકડા બનાવી દીધા હતા. જેના કારણે ખરીદી કરવા આવતા ગ્રાહકો, પદયાત્રીઓ અને વાહનચાલકોને ભારે ટ્રાફિકજામ અને હાલાકીનો સામનો કરવો પડતો હતો.

આ દબાણો અંગે મળતી સતત ફરિયાદોને ધ્યાને રાખીને વડોદરા મહાનગરપાલિકાની દબાણ હટાવ ટીમે પોલીસ બંદોબસ્ત સાથે મંગળ બજારમાં ઉતરીને કડક કામગીરી શરૂ કરી હતી. પાલિકાના કર્મચારીઓએ સ્થળ પર પહોંચીને દુકાનો આગળ ઠોકેલા લોખંડના પાઈપો, શેડના માળખાં અને રસ્તા પર કબ્જો જમાવીને પડેલા તમામ સાઈઝ સ્ટેન્ડ જપ્ત કરીને દબાણો દૂર કર્યા હતા. પાલિકાની ટીમે જે પણ દુકાનદારે આગળના ભાગે ગેરકાયદેસર પત્રા કે લોખંડના એંગલ માર્યા હતા, તે તમામ સાધનો ક્રેન અને હિટાચીની મદદથી તોડી પાડ્યા હતા. રસ્તા પર મુકેલા તમામ સાઈઝ સ્ટેન્ડ અને માલસામાન ભરેલી ગાડીઓમાં ભરીને જપ્ત કરી લેવામાં આવ્યા છે. પાલિકા અધિકારીઓએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે, જો ફરીથી મંગળ બજારના જાહેર માર્ગો કે દુકાનોના આગળના ભાગે આવા ગેરકાયદેસર દબાણો ઊભા કરવામાં આવશે, તો દંડનીય કાર્યવાહી સાથે કાયદેસરનો ગુનો પણ નોંધવામાં આવશે. મહાનગરપાલિકાની આ કડક અને જોરદાર કાર્યવાહીથી મંગળ બજારના મુખ્ય માર્ગો હવે ખુલ્લા અને પહોળા દેખાવા લાગ્યા છે. પાલિકાના આ કડક વલણના કારણે સામાન્ય નાગરિકો અને ગ્રાહકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## નડિયાદમાં જમીન વિવાદનો સૌથી મોટો ધડાકો

# 17 વર્ષના કબજા અને ત્રાસનો અંત

### જે પ્લોટ પર ભાનું ભરવાડ દુકાનો ભાડે આપીને કમાતો હતો લાખો, ત્યાં ગૂંજ્યા માતાજીના ગરબા!

નડિયાદ

ચરોતરની ધરતી અને શિક્ષણ-વેપાર માટે જાણીતા નડિયાદ શહેરમાંથી જમીન વિવાદ, દાદાગીરી અને અસમાજિક તત્વોના સામ્રાજ્યને હચમચાવી નાખતી એક અત્યંત સનસનાટીભરી અને રોમાંચક ઘટના સામે આવી છે. નડિયાદના એક ચર્ચિત પ્લોટ પર છેલ્લા ૧૭ વર્ષથી કાયદાને નેવે મૂકીને પોતાનું એકછત્ર રાજ ચલાવનારા ભાનું ભરવાડના કાળા સામ્રાજ્ય પર આખરે મોટો આંચકો લાગ્યો છે. જે જમીન પર અત્યાર સુધી ભાનું ભરવાડ ગેરકાયદેસર રીતે દુકાનો બાંધીને મસમોટું ભાડું વસૂલતો હતો અને પોતાની દાદાગીરી ચલાવતો હતો, તે જ પ્લોટ પર પૂરા ૧૭ વર્ષ બાદ ભક્તિભાવ સાથે માતાજીના ગરબા ગૂંજતા માફિયાઓ અને દબાણકારોમાં ભારે ફફડાટ અને ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદના આ વિવાદિત પ્લોટ પર લાંબા સમયથી ગેરકાયદેસર કબજો જમાવીને બેઠેલા ભાનું ભરવાડે કાયદા અને પ્રશાસનને ઘૂંટણિયે પાડવાના ભરપૂર પ્રયાસો કર્યા હતા. આ પ્લોટ પર પરાણે કબજો જમાવીને તેણે કોમર્શિયલ દુકાનો બનાવી દીધી હતી. છેલ્લા ૧૭ વર્ષથી આ દુકાનો ભાડે આપીને ભાનું ભરવાડ નિયમિતપણે મોટું ભાડું ખિસ્સામાં ભરતો હતો અને સામાન્ય નાગરિકો કે હક્કદારોને પોતાના જ પ્લોટ પર પગ મૂકવા દેતો ન હતો. જમીન વિવાદ અને ગુનાહિત પૃષ્ઠભૂમિ સાથે જોડાયેલા આ પ્રકરણમાં આખરે સત્યનો વિજય થયો છે.

નવરાત્રિના પવિત્ર પર્વ અને ધાર્મિક માહોલ વચ્ચે જ્યારે આ મુક્ત કરાયેલા પ્લોટ પર ૧૭ વર્ષના લાંબા અંતરાલ બાદ માતાજીના ગરબાનું ભવ્ય આયોજન થયું, ત્યારે નડિયાદવાસીઓની આંખોમાં હર્ષના આંસુ આવી ગયા હતા. ઢોલ-નગારાના તાલે અને માં અંબાની સ્તુતિ સાથે જ્યારે યુવાનો અને વડીલોએ આ જમીન પર ગરબા રમવાની શરૂઆત કરી, ત્યારે તે દ્રશ્ય જોવાલાયક બન્યું હતું. દાદાગીરી કરનારાઓ સામે જનતા અને ન્યાયની આ જીતને લઈને સમગ્ર નડિયાદ પંથકમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

આ ઘટનાના વીડિયો અને ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યા છે. ⋆nadiad, ⋆jaminvivad, ⋆crime અને ⋆nadiad_network જેવા હેશટેગ સાથે આ ખબરે સોશિયલ મીડિયા પર ધમાકો મચાવ્યો છે. નાગરિકો કહી રહ્યા છે કે ગેરકાયદેસર કબજાઓ અને અસામાજિક તત્વો સામે આ એક કડાકો બોલાવતો પુરાવો છે.

પાક્કો ગુજરાત

શનિવાર | 17 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### કામરેજના ગ્રામ્ય વિકાસને આસમાની ઉડાન:

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની પહેલથી કરોડોના વિકાસકાર્યોની ભવ્ય ભેટ

**સુરત**

ગામડાંના રસ્તાઓ એ માત્ર માટી કે ડામરની પટ્ટીઓ નથી, પરંતુ તે ખેડૂતોની મહેનત, ગ્રામજનોની આશાઓ અને છેવાડાના માનવીના સર્વાંગી વિકાસના સપનાઓને જોડતી મુખ્ય કડી છે. આ જ ભાવનાને સાકાર કરતા સુરત જિલ્લાના કામરેજ વિધાનસભા વિસ્તારમાં ગ્રામ્ય માર્ગ સુવિધાઓને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાની દિશામાં એક ઐતિહાસિક અને મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયાની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ પહેલ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ માર્ગદર્શન હેઠળ સમગ્ર કામરેજ પંથકમાં વિકાસકાર્યોની નવી ગંગા વહી રહી છે.



કામરેજ વિધાનસભા વિસ્તારમાં માર્ગ સુવિધાઓના વિસ્તરણ માટે અત્યંત આયોજનબદ્ધ રીતે કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. જે અંતર્ગત પ્રથમ તબક્કે વિવિધ ગામોને સાંકળતા કુલ 6 મહત્વપૂર્ણ માર્ગોના ખાતમુહૂર્તનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ માર્ગોની કુલ લંબાઈ 15.70 કિલોમીટર છે અને તેના માટે રૂ. 8.66 કરોડની ટેન્ડર રકમ મંજૂર કરવામાં આવી છે. આ વિકાસયાત્રા માત્ર એકાદ કાર્યક્રમ પૂરતી સીમિત નથી, પરંતુ આગામી બે દિવસ દરમિયાન કામરેજના વિવિધ ગામોમાં આશરે રૂ. 24 કરોડના ખર્ચે 35 કિલોમીટર લાંબા માર્ગોના ખાતમુહૂર્તની વણઝાર જોવા મળશે. તબક્કાવાર રીતે હાથ ધરાનારા આ કાર્યોથી ગ્રામ્ય વિસ્તારોના પરિવહનનું માળખું સંપૂર્ણપણે બદલાઈ જશે.

ખેડૂત જ્યારે વહેલી સવારે પોતાના ખેતરે જ નીકળે, ગ્રામજનો રોજિંદા કામકાજ અર્થે કે વિદ્યાર્થીઓ શિક્ષણ અને દર્દીઓ આરોગ્યની ઉત્તમ સુવિધા મેળવવા શહેર તરફ જાય, ત્યારે ઉત્તમ રસ્તાઓ જીવનને સરળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જ પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને રાખીને લાડવી, ઉભેળ, માકણા, પરબ અને હલધરુ સહિતના વિસ્તારોમાં માર્ગ નિર્માણના કાર્યોનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે.

આ ઉપરાંત આગામી 17 અને 18 ઑક્ટોબર દરમિયાન વાવ, સેગવા, સેવણી, ઓરણા, વિહાણ, ચિખલી, નગોડ, કોળી ભરથાણા, શેખપુર, ધલુડી, અંત્રોલી, નવી પારડી, ધોરણપારડી, ચોર્યાસી તેમજ આંબોલી જેવા ગામોમાં કુલ 35 કિલોમીટરના માર્ગો માટે અંદાજે રૂ. 31 કરોડના કાર્યો હાથ ધરાશે. વિશેષરૂપે ઓરણા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂ. 1.25 કરોડના કામોનું ખાતમુહૂર્ત કરીને ગરીબ અને સામાન્ય પરિવારોને પોતાના પાકા ઘરનું છત્ર પૂરું પાડવાનો સંકલ્પ પણ સાકાર કરાશે.

નવા નકોર અને મજબૂત માર્ગોનું નિર્માણ પૂરું થતાં જ સ્થાનિક નાગરિકો માટે અવરજવર અત્યંત સરળ બની જશે.

# અમિત શાહના ગુજરાત પ્રવાસે ધાર્મિક અને રાજકીય ચર્ચા તેજ

## બે દિવસના પ્રવાસમાં રૂપાલમાં 81 ફૂટ ઊંચી શિવ પ્રતિમાનો શિલાન્યાસ, માણસામાં કુળદેવીનાં દર્શન અને કોલવડામાં ગરબા મહોત્સવમાં હાજરી

**ગાંધીનગર**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ અમદાવાદ, રૂપાલ, માણસા અને કોલવડામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેશે. ખાસ કરીને રૂપાલમાં ભગવાન શિવની 81 ફૂટ ઊંચી પ્રતિમાના શિલાન્યાસવિધિ અને માણસામાં કુળદેવી મા બહુચરના દર્શન તેમના કાર્યક્રમના મુખ્ય આકર્ષણ રહેશે. તેમના આગમનને પગલે સંબંધિત વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવવામાં આવી છે.

અમિત શાહ સાંજે 5:45 કલાકે ગાંધીનગર જિલ્લાના રૂપાલ સ્થિત વિશ્વપ્રસિદ્ધ શ્રી વરદાયિની માતાજીના મંદિરે દર્શન-પૂજન કરશે. ત્યારબાદ અહીં નિર્માણ પામનારી ભગવાન શિવની 81 ફૂટ ઊંચી પ્રતિમાના શિલાન્યાસ કાર્યક્રમમાં સહભાગી થશે. ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા રૂપાલમાં આ કાર્યક્રમને લઈને તૈયારીઓ



કરવામાં આવી છે.

નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે બપોરે 2:45 કલાકે અમિત શાહ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા પ્રેરણા તીર્થ દેરાસર ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. નરરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે 3:15 કલાકે પાલડી સ્થિત શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પ.પૂ. ઉદયરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબના આશીર્વાદ મેળવશે. રૂપાલના કાર્યક્રમ બાદ અમિત શાહ સાંજે 7:15 કલાકે પોતાના પૈતૃક વતન માણસા ખાતે કુળદેવી શ્રી બહુચર માતાજીના મંદિરે સંધ્યા આરતીમાં ભાગ લેશે. ત્યારબાદ રાત્રે 9:15 કલાકે ગાંધીનગરના કોલવડા ગામે શ્રી રામજી મંદિર પાસે નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં હાજરી આપશે અને ખેલૈયાઓનો ઉત્સાહ વધારશે. કેન્દ્રીય ગૃહમંત્રીના પ્રવાસને ધ્યાનમાં રાખીને પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં છે.

### કલોલમાં લુખ્ખા તત્વોનો ભારે ત્રાસ

# ગરબાના પાસ લેવા ગયેલા બે નિર્દોષ યુવકો પર પટ્ટા-ધોકાથી જીવલેણ હુમલો, કાર પણ સળગાવી મૂકી

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના લીરેલીરા ઉડાડતી એક અત્યંત સનસનાટીભરી અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. નવરાત્રિના પવિત્ર પર્વ નિમિત્તે ગરબાના પાસ લેવા ગયેલા બે નિર્દોષ યુવકો પર સ્થાનિક લુખ્ખા અને અસામાજિક તત્વોએ અચાનક તૂટી પડીને ઢોર માર માર્યો હતો. આટલેથી ન અટકતા, આતંક મચાવનારા તત્વોએ યુવકોની ચાર-વ્હીલર કારને પણ સળગાવીને ખાખ કરી નાખતા સમગ્ર કલોલ પંથકમાં ભારે અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કલોલ ખાતે રહેતા બે યુવકો ગરબાના પાસ મેળવવા માટે ગયા હતા. એ દરમિયાન અચાનક જ કાયદાનો કોઈ પણ જાતનો ડર ન રાખતા માથાભારે તત્વો સાથે તુ-તુ મૈં-મૈં થઈ હતી. જોતજોતામાં આ લુખ્ખા તત્વોએ ઉશ્કેરાઈને ગુનાહિત માનસિકતાનો પરિચય આપતા બેફામ બનીને હુમલો કરી દીધો હતો. તત્વોએ હાથમાં પટ્ટા અને લાકડાના ધોકા જેવા ઘાતક હથિયારો વડે યુવકો પર આડેધડ ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું.

મારપીટ દરમિયાન લોહીલુહાણ થયેલા યુવકો જીવ બચાવવા માટે બૂમાબૂમ કરતા રહ્યા, પરંતુ બેફામ બનેલા લુખ્ખા તત્વોએ તેમને લોહીલુહાણ હાલતમાં રઝળતા છોડી દીધા હતા.

હુમલાખોરોનો આતંક આટલેથી જ ન શમ્યો. તેમણે પોતાની દાદાગીરી અને ખૌફ બતાવવા માટે યુવકો જે કાર લઈને આવ્યા હતા, તે કાર પર હુમલો કરી તેને આગ ચાંપી દીધી હતી. જોતજોતામાં સળગેલી કાર ધૂ-ધૂ કરીને બળીને ખાખ થઈ ગઈ હતી. જાહેર રોડ પર બનેલી આ ઘટનાથી આસપાસના લોકોમાં ભારે અફડાતફડી અને દહેશતનો માહોલ સર્જાયો હતો.

### ભાભરમાં સનસનાટી

# હોમવર્કના ડરે બે નિર્દોષ બાળકો જંગલની ઝાડીઓમાં ગાયબ થયા, પોલીસે ડ્રોન કેમેરાથી ઓપરેશન ચલાવી ઉગારી લીધા!

**ભાભર**

શિક્ષકના ઠપકાનો ડર અને હોમવર્ક ન થયાનો ખૌફ માસૂમ મન પર કેટલો હાવી થઈ શકે છે, તેનો જીવંત અને ચોંકાવનારો કિસ્સો વાવ-થરાદ જિલ્લાના ભાભર તાલુકાના કારેલા ગામે સામે આવ્યો છે. શાળાએ જઈને ગુરુજીનો માર કે ઠપકો સહન કરવાના ડરે બે માસૂમ બાળકો શાળાનો રસ્તો ભૂલીને સીધા ભયાનક જંગલ વિસ્તારમાં જઈને સંતાઈ ગયા હતા. આ ઘટના વાયુવેગે પ્રસરતાં જ સમગ્ર કારેલા ગામમાં અરેરાટી સાથે ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. હોમવર્ક બાકી હોવાથી મનમાં પેસી ગયો ડર



મળતી વિગતો અનુસાર, કારેલા ગામના બે બાળકોનું શાળાનું હોમવર્ક પૂરું થયું નહોતું. સવારે શાળાએ જવાનો સમય થયો ત્યારે તેમના મનમાં સતત એક જ ડર સતાવી રહ્યો હતો કે જો હોમવર્ક વિના શાળાએ જશે તો શિક્ષક વર્ગખંડમાં બધાની સામે ઠપકો આપશે અને શિક્ષા કરશે. આ ડર અને ખૌફ એટલો સીમા વટાવી ગયો કે બંને બાળકોએ શાળાએ જવાનું ટાળ્યું અને ગામ નજીક આવેલા સીમ-જંગલ વિસ્તારની ઘેરી ઝાડીઓ તરફ દોટ મૂકી દીધી હતી. દરમિયાન શાળાનો સમય પૂરો થવા આવ્યો છતાં બાળકો ઘરે ન પહોંચતાં અને તપાસ કરતા તેઓ શાળાએ પણ આવ્યા ન હોવાનું ખુલતાં પરિવારજનોના પગ તળેથી જમીન ખસકી ગઈ હતી. ગામમાં અને સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં આખરે સમગ્ર મામલો ભાભર પોલીસ મથકે પહોંચ્યો હતો. ઘટનાની નાજુકતા અને બાળકોની સલામતીની ગંભીરતા સમજીને પોલીસતંત્ર તુરંત જ એકશન મોડમાં આવી ગયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ભાભર પોલીસ દ્વારા તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવીને સમગ્ર સીમ વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો હતો. જંગલ વિસ્તાર વિશાળ અને ગીચ હોવાથી માનવ આંખોથી બાળકોને શોધવા મુશ્કેલ બનતાં પોલીસે આધુનિક ટેકનોલોજી એટલે કે ડ્રોન કેમેરાની મદદ લીધી હતી. આકાશમાંથી ડ્રોન વડે ખૂણે-ખૂણાનું નિરીક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

### વોકેશનલ ટ્રેનર્સનો ગાંધીનગરમાં વિરોધ

# કાગળ પર ₹24 હજારનો પગાર, હાથમાં માત્ર ₹14થી 16 હજાર!

**ગાંધીનગર**

ગુજરાતની સરકારી અને અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી શિક્ષણ આપતા વોકેશનલ ટ્રેનર્સે પગાર, રજાઓ અને નોકરીની સુરક્ષાના મુદ્દે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે. બનાસકાંઠા, વાવ, થરાદ અને વડોદરા સહિતના વિસ્તારોમાંથી આવેલા ટ્રેનર્સે ગાંધીનગરમાં રજૂઆત કરી હતી. ટ્રેનર્સનો આક્ષેપ છે કે કાગળ પર માસિક રૂ. 24,000 વેતન દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં અનેક ટ્રેનર્સના હાથમાં માત્ર રૂ. 14,000થી રૂ. 16,000 જેટલી રકમ આવે છે. વોકેશનલ ટ્રેનર્સના જણાવ્યા મુજબ, અગાઉ તેમને આશરે રૂ. 21,000 જેટલો પગાર મળતો હતો, પરંતુ હવે વેતનમાં કપાત થતી હોવાની ફરિયાદો છે. મંજૂર વેતન અને હાથમાં મળતી રકમ વચ્ચેનો તફાવત દૂર કરવા માટે તેમણે તંત્ર સમક્ષ રજૂઆત કરી છે. ટ્રેનર્સનું કહેવું છે કે નિયમ મુજબ મળવાપાત્ર વેતન ચૂકવવામાં આવે અને પગારની ગણતરીમાં પારદર્શિતા રાખવામાં આવે. ટ્રેનર્સની મુખ્ય માગણીઓમાં રવિવાર અને જાહેર રજાઓના દિવસોનું વેતન ન કાપવું, માતૃત્વ રજાનો લાભ આપવો અને દર મહિને સમયસર પગાર ચૂકવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નોકરીની સુરક્ષા અંગે પણ સ્પષ્ટતા કરવાની માગ કરવામાં આવી છે. ટ્રેનર્સના મતે, વ્યવસાયલક્ષી શિક્ષણના ક્ષેત્રમાં કામગીરી કરતા કર્મચારીઓને વેતન અને રજાના લાભો અંગે અનિશ્ચિતતાનો સામનો કરવો પડે છે.



બનાસકાંઠાના વોકેશનલ ટ્રેનર જાદવ રાકેશકુમારે જણાવ્યું હતું કે ટ્રેનર્સના પ્રશ્નો અંગે પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર જિતેન્દ્ર જોશીને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જોકે, તેમના જણાવ્યા મુજબ હજુ સુધી સંતોષકારક પ્રતિસાદ મળ્યો નથી. તેમણે ચેતવણી આપી હતી કે પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો ફરી રજૂઆત કરવામાં આવશે અને જરૂર પડ્યે લડતને વિધાનસભા સુધી લઈ જવામાં આવશે. વડોદરા જિલ્લાના વોકેશનલ ટ્રેનર શાલિની સાળુંકેએ પણ પગાર સંબંધિત સમસ્યાઓ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમના જણાવ્યા મુજબ, અગાઉ અનેક વખત રજૂઆતો કરવા છતાં સંતોષકારક જવાબ મળ્યો નથી.

# નવરાત્રિ પર્વ નિમિત્તે સનાતન સંસ્થા દ્વારા 'સાધના અને નવરાત્રિના મહત્ત્વ' પર વિશેષ પ્રવચન સંપન્ન!



**એડ. (શ્રીમતી) ઋચા સુળે**

૧૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ પાર્શ્વનાથ એટલાન્ટિસ પાર્ક ગાંધીનગરમાં 'સનાતન સંસ્થા' દ્વારા એક વિશેષ આધ્યાત્મિક પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૪ જેટલા જિજ્ઞાસુઓએ ઉપસ્થિત રહીને લાભ ઉઠાવ્યો .

આ પ્રવચનમાં સનાતન સંસ્થાના સાધક શ્રી ચંદ્રશેખર કદ્રેકર અને શ્રીમતી રુચિ રાજપુરોહિત દ્વારા ઉપસ્થિત શ્રોતાઓને મહત્ત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન કરવામાં આવ્યું.

'આનંદી જીવન માટે અધ્યાત્મ અને આપત્કાળની દૃષ્ટિએ સાધનાનું મહત્ત્વ' વિષય સાથે વર્તમાન સમયની તણાવગ્રસ્ત પરિસ્થિતિઓ અને ભવિષ્યના આપત્કાળનો સામનો કરવા માટે દૈનંદિન જીવનમાં આધ્યાત્મિક સાધના કેટલી આવશ્યક છે, તે વિશે સરળ ભાષામાં માર્ગદર્શન કરવામાં આવ્યુ .

'નવરાત્રિનું અધ્યાત્મ શાસ્ત્રીય મહત્ત્વ અને ધાર્મિક કૃતિ - તિલક લગાવવું' વિશે માહિતી આપવામાં આવી.

### 30% ભાગીદારી છોડાવી બે બંગલાના દસ્તાવેજ પણ ન કર્યા!

# ગાંધીનગરમાં બિલ્ડર સામે ₹1 કરોડની છેતરપિંડીનો આરોપ!!

**ગાંધીનગર**

ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં આવેલા 'બાલાજી સન રોયલ બંગ્લોઝ' પ્રોજેક્ટમાં ભાગીદારીના વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રોજેક્ટમાં 30 ટકા હિસ્સો ધરાવતા વેપારીને બાકી નાણાં ચૂકવ્યા વિના અને બે બંગલાના વેચાણ દસ્તાવેજ કરી આપ્યા વિના હિસ્સો છોડી દેવા માટે વિશ્વાસમાં લેવામાં આવ્યા હોવાનો આરોપ છે. આ મામલે ગાંધીનગર CID ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખાએ બિલ્ડર આશિષકુમાર દિલીપકુમાર પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદી વિપુલકુમાર ગણપતભાઈ પટેલ અમદાવાદના વાડજ વિસ્તારમાં રહે છે અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વ્યવસાય કરે છે. ફરિયાદ મુજબ, તેમણે આશિષકુમાર પટેલ સહિત અન્ય ભાગીદારો સાથે મળીને રાયસણના સર્વે નંબર 22ના ફાઈનલ પ્લોટ નંબર 80માં, કુલ 2,827 ચોરસ મીટર જમીન પર 'બાલાજી ડેવલોપ' નામે ભાગીદારી પેઢી બનાવી હતી. આ પેઢી હેઠળ 'સન રોયલ બંગ્લોઝ' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો. તેમાં વિપુલકુમારનો 30 ટકા હિસ્સો હતો. ફરિયાદમાં



જણાવ્યા મુજબ, પ્રોજેક્ટના બંગલાઓમાં ખામીઓ હોવાને કારણે વેચાણમાં મુશ્કેલી પડતી હતી. આ પરિસ્થિતિમાં વિપુલકુમારે ભાગીદારીમાંથી બહાર નીકળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આરોપ છે કે બિલ્ડર આશિષ પટેલે તેમને વિશ્વાસમાં લઈ સીતારામભાઈ નામના ત્રીજા વ્યક્તિ મારફતે તેમનો હિસ્સો ખરીદવાની વાત કરી હતી. આ પ્રક્રિયામાં શરૂઆતમાં વિપુલકુમારને રૂ. 1 કરોડ અપાવવામાં આવ્યા હતા. ફરિયાદ મુજબ, બાકી નીકળતી રકમ અને 30 ટકા ભાગીદારીના હિસ્સાના બદલામાં રાયસણ સ્થિત સ્કીમના બંગલા નંબર 12 અને 13 ફરિયાદીના નામે કરી આપવાની ખાતરી આપવામાં આવી હતી. આ ખાતરીના આધારે નોટરી સમક્ષ દસ્તાવેજો તૈયાર કરાવી ભાગીદારી પેઢીમાંથી વિપુલકુમારનું નામ કમી કરાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે 26 ઑક્ટોબર, 2018ના રોજ બંગલા નંબર 12 અને 13 અંગે રૂ. 100ના સ્ટેમ્પ પેપર પર બાનાખત કરવામાં આવ્યું હતું. જોકે, બાનાખતની મુદત પૂરી થયા બાદ પણ અંતિમ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો ન હોવાનો આરોપ છે.

### સુરતના ઇચ્છાપોરમાં નજીવી બાબતે ઉગ્ર બોલાચાલી બાદ હિંસક હુમલો

# સ્પીકરનો અવાજ ધીમો કરવા કહેતાં 71 વર્ષીય વૃદ્ધની હથોડીના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી

**સુરત**

સુરત શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં અરેરાટી વ્યાપી જાય તેવી અત્યંત ઘાતક અને હૃદયકંપાવનારી ઘટના સામે આવી છે. માત્ર સ્પીકરનો અવાજ ધીમો કરવા જેવી ક્ષુલ્લક બાબતે થયેલા વિવાદમાં ઉશ્કેરાયેલા હુમલાખોરે ૭૧ વર્ષીય વયોવૃદ્ધ પર હથોડીના સટાપટા ઘા ઝીંકીને તેમનું કરૂણ મોત નીપજાવ્યું છે. આ લોહિયાળ ખેલ ખેલાતા જ સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, ઈચ્છાપોર વિસ્તારમાં રહેતા ૭૧ વર્ષીય વૃદ્ધે પોતાના ઘર કે નજીકના વિસ્તારમાં જોરશોરથી વાગી રહેલા સ્પીકરના ઘોંઘાટથી પરેશાન થઈને અવાજ ઓછો કરવા માટે વિનંતી કરી હતી. વૃદ્ધાવસ્થાના કારણે અસહ્ય અવાજથી તકલીફ થતી હોવાથી તેમણે માત્ર એટલું જ કહ્યું હતું કે સ્પીકરનો અવાજ થોડો ધીમો કરો. પરંતુ સામે પક્ષે રહેલા માથાભારે શખ્સે વૃદ્ધની આ વાજબી રજૂઆત સાંભળવાને બદલે તેમની સાથે ઉગ્ર બખેડો ઊભો કર્યો હતો. વાતચીતમાં શરૂ થયેલી બોલાચાલી જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. ગુસ્સામાં અંધ થયેલા આરોપીએ માનવતા અને વય મર્યાદાના તમામ સીમાડા ઓળંગીને ઘર કે આસપાસમાંથી હથોડી ઉપાડી લીધી હતી અને ૭૧ વર્ષના નિરાધાર વૃદ્ધ પર એકપછી એક હથોડીના ઘા ઝીંકવાનું શરૂ કરી દીધું હતું. હથોડીના જીવલેણ પ્રહાર માથા અને શરીરના નાજુક ભાગો પર વાગતાં જ વૃદ્ધ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. હથોડીના ઘા એટલા ઘાતક હતા કે વૃદ્ધને બચવાનો કોઈ તક મળ્યો નહીં અને તેમણે તડપી તડપીને ઘટનાસ્થળે જ પોતાના પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. બનાવની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા અને લોહીથી લુહાણ લાશ જોઈને લોકોમાં ભારે આક્રોશ અને અરેરાટી વ્યાપી ગઈ હતી.

### બિમલ શાહની ઉપસ્થિતિમાં મેળવ્યા બાબા રામદેવજી અને રણછોડરાયજીના આશીર્વાદ!

# કપડવંજ રાજકારણમાં વિરોધીઓમાં સનાકા સાથે મોટો ભડકો: ગોપાલપુરાના ભાજપના દિગ્ગજ આગેવાનોએ કેસરિયો છોડી કોંગ્રેસનો પંજો પકડ્યો

**કપડવંજ**

ખેડા જિલ્લાના રાજકારણમાં ભારે ચર્ચા જગાડતો અને સત્તાધારી પક્ષ માટે મોટો આંચકો સમાન રાજકીય ઘટનાક્રમ સામે આવ્યો છે. કપડવંજ તાલુકાના ગોપાલપુરા વિસ્તારના ભાજપના કેટલાક સક્રિય અને પ્રભાવશાળી આગેવાનોએ કેસરિયો ખેસ ઉતારીને વિધિવત રીતે કોંગ્રેસનો પંજો ધારણ કરી લીધો છે. વિધાનસભા ચૂંટણીઓ અને સ્થાનિક રાજકારણમાં મજબૂત પકડ ધરાવતા બિમલ શાહની ખાસ ઉપસ્થિતિમાં આ તમામ આગેવાનોએ કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ કર્યો હતો, જેનાથી કપડવંજ પંથકના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પક્ષ પલટાના આ મહત્વપૂર્ણ પ્રસંગે પવિત્રતા અને શ્રદ્ધાનો અનેરો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. કોંગ્રેસમાં જોડાતા પૂર્વે તમામ આગેવાનો તેમજ બિમલ શાહે ભગવાન શ્રી રામદેવજી અને ભગવાન શ્રી રણછોડરાયજીના ચરણોમાં શીશ નમાવીને દર્શન-અર્ચન કર્યા હતા. ભગવાનના આશીર્વાદ મેળવીને તેમણે જનસેવાના આ નવા માર્ગ પર આગળ વધવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ધાર્મિક આસ્થા સાથે હાથ ધરાયેલા આ રાજકીય પ્રવેશથી ઉપસ્થિત કાર્યકરોમાં એક નવો ઉત્સાહ અને સંચાર જોવા મળ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ નેતા બિમલ શાહે પક્ષમાં જોડાયેલા ભાજપના તમામ આગેવાનોને સૂતરની માળા અને કોંગ્રેસનો ખેસ પહેરાવીને પક્ષમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે બિમલ શાહે જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નોને વાચા આપવા અને વિસ્તારના સાચા વિકાસ માટે આજે લોકો કોંગ્રેસ તરફ આશાભરી નજરે જોઈ રહ્યા છે. ભાજપની નીતિઓ અને સંગઠનની ઉપેક્ષાથી કંટાળીને ગોપાલપુરા વિસ્તારના આગેવાનોએ કોંગ્રેસની વિચારધારા અને પરંપરામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેનાથી પક્ષનું સંગઠન વધુ મજબૂત અને વેગવંતું બનશે.

## તંત્રી લેખ...

### કલમ વગર લખાઈ જળક્રાંતિની કથા: ભયાનક દુષ્કાળ સામે શામજી અંટાળાની લડાઈ અને સૌરાષ્ટ્રના ગામડાંનું બદલાયેલું ભાગ્ય

ઈતિહાસ જ્યારે પણ ગુજરાતના જળસંકટ અને દુષ્કાળની વાતો આલેખશે, ત્યારે એક અણભણ ખેતમજૂરથી 'જળદૂત' બનેલા શામજીભાઈ અંટાળાનું નામ સુવર્ણ અક્ષરે લખાવું નિશ્ચિત છે. એક એવો માનવી, જેણે ક્યારેય શાળાના કાળા પાટિયા પર ચોક નથી ઘસ્યો, પણ જેણે પોતાની અદ્ભુત કોઠાસૂઝ, અથાક ધગશ અને ખંતથી સૌરાષ્ટ્રના બંજર જમીનના ભાગ્યલેખ બદલી નાખ્યા.

આજના એન્જિનિયરિંગ અને ડિગ્રીધારી યુગમાં જ્યાં મોટી-મોટી સરકારી યોજનાઓ અને કરોડોના બજેટ ક્યારેક કાગળ પર રહી જાય છે, ત્યાં શામજી અંટાળા નામના એક અણભણ ખેતમજૂરે બતાવી આપ્યું કે સિદ્ધિ તેને જઈ વરે જે પસીનો પાડે!

છપ્પનિયા દુષ્કાળની કાળીછાયા અને એક ક્રાંતિનો જન્મ

સાઠ અને સિત્તેરના દાયકામાં સૌરાષ્ટ્ર જ્યારે ભયાનક દુષ્કાળ, પીવાના પાણીની તંગી અને તરસતી જમીનના આક્રંદથી તરફડતું હતું, ત્યારે ગામડાંના લોકો પલાયન કરવા મજબૂર બન્યા હતા. કૂવાઓ તળિયાઝાટક હતા અને માટી સોનાની જેમ વહાલી હોવા છતાં ખેડૂતો તેના પર કશું પકવી શકતા નહોતા.

આ જ કાળઝાળ સ્થિતિ વચ્ચે શામજીભાઈ અંટાળાના માસૂમ મન પર પ્રશ્ન ઊભો થયો: 'આકાશમાંથી વરસતું કરોડો લિટર પાણી દરિયામાં વેડફાઈ કેમ જાય?' તેમણે જોયું કે ચોમાસામાં વહી જતાં પાણીને જો જમીનની ગર્ભમાં ઉતારી દેવાય, તો આ ધરતી ક્યારેય તરસાઈ ન રહે.

'બોરીબંધ' અને 'વેલ રિચાર્જ' (કૂવા રિચાર્જ)ની જાદુઈ કોઠાસૂઝ

શામજી અંટાળા પાસે કોઈ લેબોરેટરી કે હાઈટેક સાધનો નહોતા.



તેમની પાસે હતી માત્ર માટીની પરખ, ધરતીની સંવેદના અને પ્રકૃતિની ભાષા સમજવાની અદ્ભુત ક્ષમતા.

તેમણે કોઈ પણ મોટા મશીનો વગર, માત્ર કોથળાઓમાં માટી ભરીને નદી-નાળા પર 'બોરીબંધ' બનાવવાનો લોક-અભિગમ શરૂ કર્યો. એટલું જ નહીં, તેમણે ગામડાંના ખેડૂતોને પોતાના જ ખેતરના કૂવામાં વરસાદી પાણી ઉતારવાની 'વેલ રિચાર્જ' (Well Recharge) ની અત્યંત સરળ, અચૂક અને વિનામૂલ્યે કરી શકાય તેવી દેશી પદ્ધતિ શીખવી.

જે કૂવાઓ શિયાળામાં જ સુકાઈ જતા હતા, તે કૂવાઓમાં શામજીભાઈની આ ટેકનિકથી ચાર-પાંચ મહિના નહીં, પણ બારેમાસ પાણી છલકાવા લાગ્યું!

'સૌરાષ્ટ્ર લોક મંચ' અને ઘર-ઘર સુધી પહોંચેલી જળક્રાંતિ

પોતાના આ અભિયાનને જન-આંદોલન બનાવવા શામજી અંટાળાએ 'સૌરાષ્ટ્ર લોક મંચ'ની સ્થાપના કરી. તેઓ એક ગામથી બીજા ગામ, એક ખેતરથી બીજા ખેતર પગપાળા રઝળ્યા. ખેડૂતોને ભેગા કર્યા, તેમને પાણીનું મૂલ્ય સમજાવ્યું અને સ્વેચ્છાએ જળસંચય કરવા માટે પ્રેરિત કર્યા.

તેમણે હજારો ખેડૂતોને કૂવા રિચાર્જ કરતા શીખવ્યું.

હજારો નાના ચેકડેમ અને બોરીબંધો ઊભા કરી ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવ્યા.

જે સૌરાષ્ટ્ર ભૂખ અને પાણીના અભાવે ખાલી થઈ રહ્યું હતું, તે સૌરાષ્ટ્રમાં લીલોતરી અને સમૃદ્ધિની નવી સવાર ઊગી!

તેમના આ નિ:સ્વાર્થ ભગીરથ કાર્યની નોંધ રાજ્ય જ નહીં, પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાઈ. મોટા મોટા જળશાસ્ત્રીઓ અને ભૂજળ નિષ્ણાતો પણ એક અણભણ ખેતમજૂરની આ અદ્ભુત કોઠાસૂઝ જોઈને દંગ રહી ગયા હતા.

## આભલેથી ઊતરી મા અવની પર આવ્યાં...

**દેવી શક્તિએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કર્યું અને દસમા દિવસે તેનો નાશ કર્યો હતો. તેથી દેવી શક્તિને મહિષાસુરમર્દિનીના નામથી પણ ઓળખાય છે. જે નવ દિવસ સુધી માતાજીએ મહિષાસુર સાથે યુદ્ધ કર્યું હતું તેને નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. વર્ષમાં ચાર નવરાત્રિની ઉજવણી કરવામાં આવે છે- વસંત નવરાત્રિ, અષાઢ નવરાત્રિ, શરદ નવરાત્રિ અને પૌષ નવરાત્રિ. દેવી દુર્ગાનાં અલગ અલગ નવ સ્વરૂપ એટલે નવદુર્ગા.**

નોરતાની રાત એટલે શક્તિ અને ભક્તિનું સરનામું. ઊર્જા અને ઉમંગનો સંગમ. ગરબા ગરવા ગુજરાતની વૈશ્વિક ઓળખ છે. નારીશક્તિ સ્વરૂપની વંદના-અર્ચના કરતું નવરાત્રિનું મંગલપર્વ સાત્વિકતાનો સંદેશ પ્રસરાવે છે.

ગરબો ગુજરાતી શબ્દ છે, જે સંસ્કૃત શબ્દ 'દીપગર્ભો ઘટ' પરથી ઊતરી આવ્યો છે. જેમાંથી 'ઘટ' સમયાંતરે લુપ્ત થાય છે અને 'દીપગર્ભો' જળવાઈ રહે છે. જોકે તેમાં પરિવર્તન થતાં થતાં 'ગરભો' અને અંતે 'ગરબો' તરીકે પ્રચલિત થયો. ગરબાનો મૂળ અર્થ થાય છે- છિદ્રોવાળી મટકી, જેમાં દીવાની જ્યોત પ્રગટાવીને દીપક રૂપે માતાજીની પૂજામાં મુકાય છે. મૂળ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી ઊતરી આવ્યો છે.




દેવી શક્તિએ નવ દિવસ સુધી મહિષાસુર સાથે યુદ્ધ કર્યું અને દસમા દિવસે તેનો નાશ કર્યો હતો. તેથી દેવી શક્તિને મહિષાસુરમર્દિનીના નામથી પણ ઓળખાય છે. જે નવ દિવસ સુધી માતાજીએ મહિષાસુર સાથે યુદ્ધ કર્યું હતું તેને નવરાત્રિ તરીકે ઓળખવામાં આવે છે. વર્ષમાં ચાર નવરાત્રિની ઉજવણી કરવામાં આવે છે- વસંત નવરાત્રિ, અષાઢ નવરાત્રિ, શરદ નવરાત્રિ અને પૌષ નવરાત્રિ. દેવી દુર્ગાનાં અલગ અલગ નવ સ્વરૂપ એટલે નવદુર્ગા.

નવરાત્રિમાં પહેલા ત્રણ દિવસોમાં શૈલપુત્રીમા, બ્રહ્મચારિણીમા અને ચંદ્રઘંટામાની વંદના કરવામાં આવે છે. તો બીજા ત્રણ દિવસોમાં કૂષ્માંડા, સ્કંદમાતા અને કાત્યાયનીમાની પૂજા કરવામાં આવે છે.

છેલ્લા ત્રણ દિવસોમાં કાલરાત્રિ, મહાગૌરી અને સિદ્ધિદાત્રીની આરાધના થાય છે. આ રૂપો મૂળ તો એક જ છે, પણ જેમ નદી, ઝરણાં અને ધોધ અલગ નામથી ઓળખાય છે પણ તેમનું મૂળ તત્ત્વ તો પાણી જ રહે છે, તેવી જ રીતે 'મા'નાં જુદાં જુદાં રૂપની અર્ચના કરવામાં આવે છે. અંતે તો શક્તિની જ ઉપાસના થાય છે.

વલ્લભ મેવાડાના 'ગગનમંડળ કરી ગાગરી રે મા, સકલ શોભા ભરી રે મા'થી આજ સુધીના કવિઓએ ગરવા ગરબાનું સર્જન કર્યું છે. રાસ શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલો હોવાથી અને 'હરિવંશ' તથા મહાકવિ ભાસની કૃતિઓમાં તેનો ઉલ્લેખ મળતો હોવાથી એ આપણું પ્રાચીનતમ સ્વરૂપ છે. પંદરમા શતક પહેલાંના જૈન રાસસાહિત્યમાં દોહરા, ચોપાઈ ઈત્યાદિ માત્રામેળ છંદોના બંધ પ્રયોજાયા છે.

રાસ સાહિત્ય એ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું સૌથી પ્રાચીન અને મહત્ત્વનું ગેય સાહિત્ય સ્વરૂપ છે, જે વિશેષ કરીને જૈન સાધુ કવિઓ દ્વારા રચવામાં આવ્યું હતું. નોરતામાં ગવાતી ગરબી ટૂંકી, લાલિત્યપૂર્ણ અને નાજુક છે. તેમાં ઊર્મિગીતનાં લક્ષણો છે. ગરબો લાંબો અને વર્ણનાત્મક અંશો ધરાવતો હોવાથી કથાગીતના પ્રકારમાં આવી શકે છે.

આજે બેઠા ગરબા ભુલાઈ ગયા છે. બેઠા ગરબા સાંભળો એટલે તમે દોડતા થઈ જાઓ એવી મીઠાશ એમાં ભળેલી છે. જમીન પર બેસીને, પગની કોઈ પણ હલચલ વગર, માત્ર તાળી, ચપટી, કંઠ અને પરંપરાગત વાજિંત્રોના સથવારે માતાજીની ભક્તિમાં ગવાતા પ્રાચીન ગરબા એટલે બેઠા ગરબા.

જૂનાગઢની નાગરી પરંપરામાંથી આ ગરબા આવ્યા છે. આ ગરબા રાગ આધારિત અને ભાવ કેન્દ્રિત હોય છે. પહેલાં માત્ર ભાઈઓ જ લેતા હતા, હવે એમાં બહેનો પણ જોડાઈ છે. છેલ્લા આઠ દાયકાથી આ ઉજ્જવળ પરંપરા ઊજવાઈ રહી છે.

એક માન્યતા પ્રમાણે હિન્દુસ્તાનના ભાગલા સમયે જૂનાગઢમાં નવાબના ડરથી આ બેઠા ગરબાનો પ્રારંભ થયો અને બીજી માન્યતા પ્રમાણે કેટલાક ચુસ્ત ભક્તો માની રહ્યા હતા કે માતાજીની ભક્તિ બેઠા ગરબાથી ઉત્તમ રીતે થઈ શકે એમ છે. જાહેરમાં યોજાતા ગરબામાં બીજી ભેળસેળ થાય છે.

નવરાત્રિ એ ધાર્મિક તહેવારની સાથોસાથ સાંસ્કૃતિક તહેવાર પણ છે. ગરબા એ ગુજરાતની આગવી ઓળખ અને લોકનૃત્ય પણ છે. આમ તો બે તાળી, ત્રણ તાળી, રાસ અને હીંચ એ તેની અલગ અલગ રીતો છે, પણ જમાના સાથે આ રૂપોમાં પણ ફેરબદલ કરી નવી નવી રીતો શોધી યુવાનો ગરબાની રમઝટ બોલાવે છે. ગરબામાં નૃત્યની સાથે ગવાતાં ગીતો એટલે કે ગરબાને પ્રાચીન અને અર્વાચીન એમ બે ભાગમાં વહેંચી શકાય.

હવે તો ચલચિત્રોનાં ગીતોને ગરબાના લયમાં ઢાળી તેના પર પણ ખેલૈયાઓ ઝૂમે છે. ગરબામાં નવા પ્રયોગોમાં દોઢિયું, રમઝણિયું, પોપટિયું, સાંકળ, કાતરિયું, સનેડો, સેલ્ફી ગરબા, સાલ્સા ગરબા અને બીજા ઘણા પ્રયોગો થાય છે. સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ ગરબા દ્વારા ભાષાકીય પ્રયોગો થાય છે.

આધુનિક યુગમાં ટી.વી. અને ફિલ્મોની અસરને લીધે યુવકો અને યુવતીઓમાં અવનવાં સાંપ્રત વસ્ત્રોને પારંપરિક રીતે પહેરવાનો ખાસ ચસકો લાગ્યો છે. જેમ કે, ડિઝાઈનર ચણિયાચોળી, લાઈટવાળી ચણિયાચોળી, કેડિયું, ધોતિયું, ચોયણો, ફેંટો, પાઘડી, કોટી, કમરપટ્ટો વગેરે વૈવિધ્યપૂર્ણ વસ્ત્રો અને તેમાં જાતજાતનાં ભરતગૂંથણ તથા તેના પર ભાતભાતનાં આભલા, ટિલી, ઝૂમખાં, મોતી, ગોટા, લટકણ વગેરે સજાવવાનાં. ગરબા આયોજકો દ્વારા સૌથી સુંદર વસ્ત્ર ધારણ કરનારને ઈનામ પણ આપવામાં આવે છે, જેથી યુવાનોમાં આવાં વસ્ત્રો પહેરવાની હોડ લાગી હોય છે.

## માણસ ચાલ્યો જાય છે, પણ તેની યાદો ક્યાં જાય છે?


લેખક : રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ


જીવનની સૌથી મોટી વાસ્તવિકતા એ છે કે જે વ્યક્તિ આજે આપણી સાથે હસે છે, વાતો કરે છે અને સુખદુ:ખમાં સાથ આપે છે, એ જ વ્યક્તિ એક દિવસ આપણી નજરોથી દૂર થઈ જાય છે. સમય આગળ વધતો રહે છે, દિવસો અને વર્ષો પસાર થતાં રહે છે, પરંતુ હૃદયના કોઈ ખૂણામાં તેની યાદો કાયમ માટે જીવંત રહી જાય છે. માણસ ચાલ્યો જાય છે, પણ તેની યાદો ક્યાં જાય છે? આ પ્રશ્નનો જવાબ કદાચ સમય પાસે પણ નથી.

કોઈ સ્વજનની વિદાય માત્ર એક વ્યક્તિની ગેરહાજરી નથી હોતી, પરંતુ જીવનના એક સુંદર અધ્યાયનું બંધ થઈ જવું છે. ઘરના એ જ ઓરડા, એ જ દીવાલો અને એ જ બારી હોય છે, છતાં કંઈક એવું ખૂટતું હોય છે, જેની ખોટ કોઈ વસ્તુ પૂરી કરી શકતી નથી. જે અવાજ સાંભળીને મનને શાંતિ મળતી હતી, એ જ અવાજ જ્યારે માત્ર યાદોમાં રહી જાય છે, ત્યારે ઘરની શાંતિ પણ ક્યારેક અસહ્ય લાગે છે.



કેટલીક વિદાય એવી હોય છે, જે વ્યક્તિને નજરોથી દૂર કરે છે, પરંતુ હૃદયથી ક્યારેય અલગ કરી શકતી નથી. સમય દરેક ઘા ભરી દે છે એવું નથી. હા, સમય આપણને દુ:ખ સાથે જીવતાં શીખવે છે, પરંતુ કેટલીક યાદો સમયની સાથે વધુ ઊંડી બનતી જાય છે. કોઈ જૂનું ગીત કાને પડે, કોઈ પરિચિત સુગંધ અનુભવાય કે કોઈ જૂની તસવીર નજરે પડે, ત્યારે મન ભૂતકાળની એ ક્ષણોમાં પહોંચી જાય છે, જ્યાં બધું જાણે હજી જીવંત હોય છે. એક ક્ષણ માટે એવું લાગે છે કે હમણાં જ એ વ્યક્તિ સામે આવીને વાત કરશે, પરંતુ પછી વાસ્તવિકતાનો અહેસાસ થતાં આંખો ભીની થઈ જાય છે. જીવનમાં કેટલીક સામાન્ય ક્ષણો પણ વિદાય પછી અમૂલ્ય બની જાય છે. સાથે બેસીને પીધેલી ચા, નિરર્થક લાગતી વાતો, નાની નાની મજાક અને પ્રેમભર્યા સંવાદો–આ બધું જ પછી હૃદયની સૌથી કિંમતી મૂડી બની રહે છે. જે ક્ષણો જીવતી વખતે સામાન્ય લાગતી હતી, એ જ ક્ષણોને ફરીથી જીવવાની ઈચ્છા મનમાં જાગતી રહે છે. આજના સમયમાં માણસ કામ અને જવાબદારીઓમાં એટલો વ્યસ્ત થઈ ગયો છે કે પોતાના સ્વજનોને સમય આપવાનું ભૂલી જાય છે. આપણને લાગે છે કે તેમની સાથે વાત કરવા માટે સમય પછી પણ મળશે, પ્રેમ વ્યક્ત કરવા માટે અનેક અવસરો આવશે. પરંતુ જીવન હંમેશાં બીજી તક આપે એવું જરૂરી નથી. કેટલીક વાતો અધૂરી રહી જાય છે, કેટલીક માફીઓ માગવાની રહી જાય છે અને કેટલાક આલિંગન કાયમ માટે અધૂરાં રહી જાય છે. આથી જ જે લોકો આજે આપણી સાથે છે, તેમની હાજરીને સામાન્ય ન માનીએ. માતા-પિતાને સમય આપીએ, પરિવાર સાથે બેસીને વાતો કરીએ અને મનમાં રહેલો પ્રેમ સમયસર વ્યક્ત કરીએ. કોઈની લાગણીઓનું મૂલ્ય સમજવા માટે તેની ગેરહાજરીની રાહ ન જોઈએ. સ્વજનની યાદને જીવંત રાખવાનો શ્રેષ્ઠ માર્ગ માત્ર તેની તસવીર સાચવી રાખવો નથી, પરંતુ તેના સંસ્કાર, વિચારો અને માનવતાને આપણા જીવનમાં ઉતારવો છે. કોઈએ આપણને પ્રામાણિકતા શીખવી હોય, પ્રેમ આપ્યો હોય કે મુશ્કેલીમાં સાથ આપ્યો હોય, તો એ ગુણોને આપણા વર્તનમાં જીવંત રાખવા એ જ સાચી શ્રદ્ધાંજલિ છે. જીવનની સફરમાં કોઈ કાયમ માટે સાથે ચાલતું નથી, પરંતુ દરેક વ્યક્તિ પોતાની પાછળ કંઈક મૂકી જાય છે–કોઈ શીખ, કોઈ સંસ્કાર, કોઈ સ્મિત કે પછી યાદોનો અણમોલ ખજાનો. વ્યક્તિની હાજરી એક દિવસ પૂરી થઈ જાય છે, પરંતુ તેના પ્રેમની અસર આપણા જીવનમાંથી ક્યારેય સંપૂર્ણપણે દૂર થતી નથી.

## અલ નીનો દોઢસો દેશોના અર્થતંત્રને લપેટમાં લેશે!!!

પ્રશાંત મહાસાગરમાં ભારતથી હજારો કિલોમીટર દૂર સમુદ્રનું પાણી સામાન્ય કરતાં વધુ ગરમ થાય છે. ગુજરાતમાં બેઠેલા આપણને પ્રશ્ન થાય પ્રશાંત મહાસાગર ગરમ થાય તો આપણને શું? પરંતુ કુદરતની લીલામાં અંતર ઘણી વખત ભ્રમ હોય છે. સમુદ્રનું તાપમાન બદલાય, હવાના પ્રવાહો બદલાય, વરસાદની પેટર્ન બદલાય અને તેની અસર ખેતરથી લઈને બજાર સુધી થઈ શકે છે. આ જ છે અલ નીનો. અને 2027 માટે આ માત્ર હવામાનનો મુદ્દો નથી. તે ભારતની કૃષિ, મોંઘવારી, ઊર્જા, આર્થિક વૃદ્ધિ અને હવે વૈશ્વિક નીતિ તથા વિદેશ નીતિ સાથે પણ જોડાઈ શકે છે. 'એલિયાન્ઝ રિસર્ચ'ના તાજેતરના વિશ્લેષણ મુજબ, મજબૂત અલ નીનોની સ્થિતિમાં વિશ્વનાં 144 અર્થતંત્રોને કુલ મળીને આશરે 451 અબજ ડૉલરનું આર્થિક ઉત્પાદન નુકસાન થઈ શકે છે. ભારત માટે આ અંદાજ લગભગ 50 અબજ ડૉલર, ચીન માટે 147 અબજ ડૉલર અને અમેરિકા માટે 91 અબજ ડૉલરનો છે, પરંતુ આ ચોક્કસ આગાહી નથી. આ એક પરિસ્થિતિ આધારિત આર્થિક વિશ્લેષણ છે. પૂર, દુષ્કાળ અને જંગલની આગ જેવા વધારાના નુકસાન તેમાં સામેલ નથી. તેથી 50 અબજ ડૉલરને નિશ્ચિત નુકસાન નહીં પરંતુ સંભવિત જોખમ તરીકે જોવું જોઈએ.



## લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ મોતનો ખેલ: અમદાવાદના બહેરામપુરામાં ટામેટા વગર માત્ર બટાકાના પાવડર, એસિડ અને હાનિકારક કલરથી બનતી નકલી 'ટોમેટો સોસ' ફેક્ટરી પકડાઈ!

અમદાવાદ

ગુજરાતમાં તહેવારો કે સામાન્ય દિવસોમાં પણ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા ભેળસેળિયાઓ બેફામ બન્યા છે. અમદાવાદ શહેરના બહેરામપુરા વિસ્તારમાં પીરાણા રોડ પાસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા એક એવી ઘાતક ફેક્ટરી પર રેડ પાડવામાં આવી છે, જેના ખુલાસાએ લાખો અમદાવાદીઓની આંખો ફાટી ગઈ છે.

જે ટોમેટો કેચઅપ (સોસ) બાળકોથી લઈને યુવાનો શોખીન બનીને ખાય છે, તેમાં ટામેટાંનું નામનિશાન પણ નહોતું! માત્ર બટાકાનો પાવડર, કોર્ન ફ્લોર, કેમિકલયુક્ત એસિટિક એસિડ અને કેન્સર નોંતરે તેવા હાનિકારક કલરો મિલાવીને ઝેરી સોસ બનાવવાનું મોટું કૌભાંડ પકડાયું છે.



૨,૦૦૦ કિલોગ્રામ જીવલેણ માલ જપ્ત, ફેક્ટરી સીલ

મળતી માહિતી મુજબ, AMCના ફૂડ સેફ્ટી વિભાગની ટીમને બાતમી મળી હતી કે પીરાણા રોડ વિસ્તારમાં ગંદકી અને ગેરકાયદેસર રીતે નકલી ખાદ્ય પદાર્થો બનાવવાનું કારખાનું ધમધમી રહ્યું છે. તુરંત જ દરોડો પાડીને તપાસ કરતા અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

કારખાનામાંથી અંદાજે ૨,૦૦૦ કિલોગ્રામ (૨ ટન) જેટલો નકલી સોસ અને અત્યંત હાનિકારક કાચો માલ જપ્ત કરવામાં આવ્યો છે. ફૂડ સેફ્ટી વિભાગે તાત્કાલિક અસરથી આ ઝેરી ફેક્ટરીને સીલ મારીને નમૂનાઓ ચકાસણી માટે લેબમાં મોકલી આપ્યા છે.

ટામેટાં વગર સોસ કેવી રીતે બનતો હતો?

તપાસમાં સામે આવ્યું છે કે અસલી ટામેટાં મોંઘા પડતા હોવાથી આ ભેળસેળિયા વેપારીઓએ ગ્રાહકોના જીવ સાથે ખેલ કરવા માટે ગંદી અને ખતરનાક શોર્ટકટ અપનાવી હતી:

બટાકાનો પાવડર અને કોર્ન ફ્લોર: સોસને ઘટ્ટ અને જથ્થો વધારવા માટે લોટ અને બટાકાના પાવડરનો ઉપયોગ થતો હતો.

એસિટિક એસિડ (કેમિકલ): ખાટાશ લાવવા માટે ખોરાકમાં ન વાપરવાના ખતરનાક કેમિકલ અને એસિડ રેડવામાં આવતા હતા.

ઝેરી કલર્સ: લાલઘૂમ અસલી ટામેટા જેવો દેખાવ આપવા માટે ઘાતક અને પ્રતિબંધિત સિન્થેટિક રંગો ભેળવવામાં આવતા હતા. આ ઝેરી સોસ અમદાવાદ સહિત આસપાસના બજારોમાં હોટલો, લારી-ગલ્લાઓ અને નાસ્તાની દુકાનોમાં સસ્તા ભાવે સપ્લાય કરવામાં આવતો હતો, જે ખાવાથી નાનાં બાળકો અને યુવાનોના પેટ અને કિડની સડી જવાનો પૂરો ભય રહેલો છે.

આ ઘટના સામે આવ્યા બાદ અમદાવાદ શહેરમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. સામાન્ય લોકો અને જાગૃત નાગરિકોમાંથી જોરદાર માંગ ઉઠી રહી છે કે માત્ર નાણાકીય દંડ કે થોડા દિવસોની જેલની સજાથી આ રાક્ષસી વૃત્તિ ધરાવતા વેપારીઓ સુધરવાના નથી.

લોકોનું કહેવું છે કે:

કેન્સર જેવી જીવલેણ બિમારીઓ: આ પ્રકારે કેમિકલયુક્ત અને ઝેરી વસ્તુઓ ખવડાવીને નાગરિકોને કેન્સર જેવી અસાધ્ય બિમારીઓ તરફ ધકેલવામાં આવી રહ્યા છે.

કાયદામાં કડક સુધારો: સરકાર દ્વારા એવો સખત કાયદો ઘડવામાં આવે કે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર આવા ભેળસેળિયાઓ અને માફિયાઓને સીધી આજીવન કેદ અથવા ફાંસીની સજાની જોગવાઈ કરવામાં આવે.

આ કિસ્સો સાબિત કરે છે કે પૈસા કમાવાની લ્હાયમાં કેટલાક લોકો માનવતા ભૂલીને ખુલ્લેઆમ ઝેર વેચી રહ્યા છે. હવે જોવું એ રહ્યું કે તંત્ર અને ન્યાયતંત્ર આ કસૂરવારો સામે કેટલી કડક અને દાખલારૂપ કાર્યવાહી કરે છે!

## ટેક્સ પ્રશ્ન પૂછવાનો અધિકાર આપે છે, ગાળો દેવાનો નહીં!

અમારા ટેક્સમાંથી તમારો પગાર આવે છે..!' આ વાક્ય આપણે અસંખ્યવાર સાંભળ્યું હશે અને આપણે અસંખ્યવાર બોલ્યા પણ હશું. કોઈ પોલીસવાળાને, કોઈ સરકારી કર્મચારીને, કોઈ શિક્ષકને.આવું કહેવાયું જ હશે. હમણાં લદાખમાં એક મહિલાએ આર્મીનાં જવાનોને પણ આવું જ કહ્યું.

કોઈક કારણોસર એ મહિલાનો રસ્તો રોકવામાં આવ્યો, મહિલા ગુસ્સે થઈ-એણે દલીલો કરી અને અમે ટેક્સ ભરીએ છીએ એમાંથી તમારો પગાર આવે છે-એવું કહી એ મહિલે આર્મીનાં જવાનોને ખખડાવી પણ નાખ્યા! આ ઘટનાનો વીડિયો વાયરલ થયો અને મહિલાએ પાછળથી માફી માગી એ જુદી વાત છે!

સવાલ એ છે કે-આપણે જે ટેક્સ ભરીએ છીએ-એમાંથી આ લોકોનો પગાર ચૂકવાય છે એટલે આપણે એમના માલિક થઈ ગયા??? એ આપણાં નોકર બની ગયા??? આપણે ટેક્સ ભરીએ છીએ એટલે સરકાર પાસે જવાબ માગવાનો આપણને પૂરો અધિકાર છે-રસ્તાઓ વિશે, દવાખાનાઓ વિશે, જાહેર નાણાં કયાં વપરાય છે, કેમ વપરાય છે-પોલીસ ફરિયાદ કેમ નથી લેતી-સરકારી કર્મચારીઓ સાંભળતા નથી-ધક્કા ખવડાવે છે વગેરે વગેરે બધું જ પૂછી શકીએ. પણ-ટેક્સ આપનાર નાગરિક એ સરકારનો ગ્રાહક નથી-સ્ટેક હોલ્ડર છે અને સ્ટેક હોલ્ડર અને માલિક વચ્ચે બહુ મોટો ફર્ક હોય છે-આપણે રેસ્ટોરન્ટમાં બિલ ભરીએ એનો અર્થ ત્યાંનો શેફ આપણો ગુલામ નથી થઈ જતો.

સ્કૂલમાં ફી ભરવાનો અર્થ એ નથી કે ત્યાંનાં શિક્ષકે આપણાં સંતાનને માર્કસ આપવા જ પડે. હોસ્પિટલનું બિલ ભર્યા પછી સર્વિસ માગી શકીએ-પણ હોસ્પિટલનાં માલિક નહીં થઈ જઈએ-તો ટેક્સ ભરવા માત્રથી પોલીસ, આર્મી કે સરકારી કર્મચારીઓને-'તમારો પગાર અમે ભરેલા ટેક્સમાંથી આવે છે એવું કહેવાનો અધિકાર કોણે આપ્યો?' ઈન્ટરેસ્ટિંગ વાત એ છે કે જેને આપણે આવું કહીએ છીએ-એ બધા પણ ટેક્સ તો ભરે જ છે!!!

આર્મીનાં જવાનો પણ ટેક્સ ભરે છે, પોલીસ પણ ટેક્સ ભરે છે અને સરકારી કર્મચારીઓ પણ ટેક્સ ભરે જ છે, એનો અર્થ એ થયો કે એમનાં પગારમાં એ લોકો પોતે પણ કન્ટ્રીબ્યુટ કરે છે.

વાત ટેક્સની નથી, વાત આપણાં રવૈયાની છે. આપણે અધિકારની ભાષા સમજીએ છીએ, ફરજની નહીં!! તમે ટેક્સ ભરો છો એ ગૌરવની વાત છે, એના બદલ તમારું સો તાળીઓથી સન્માન થવું જોઈએ-પણ ટેક્સ ભર્યા પછી તમે માલિક બની જાવ છો-ટેક્સ ભરવાથી દાદાગીરી કરવાનો અધિકાર મેળવી લો છો એ ખોટું છે.




### શિક્ષણ આલમમાં ભારે ચકચાર!

# ભાવનગરમાં શિક્ષા જગતમાં મોટો સપાટો: વગદાર ઈન્ચાર્જ આચાર્યની આખરે હાકલપટ્ટી સમાન બદલી

**પોતાના પદ અને લાગવગના બળે તેઓ અગાઉ પણ અનેક તપાસો અને વિવાદોને દબાવવામાં સફળ રહ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું**

ભાવનગર

વિદ્યા અને સંસ્કારની નગરી ગણાતા ભાવનગર શહેર અને જિલ્લાના શિક્ષણ જગતમાં આજે ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે. પોતાના વહીવટી પાવર અને ઊંચી રાજકીય તથા વહીવટી લાગવગના જોરે લાંબા સમયથી અડ્ડો જમાવીને બેઠેલા એક અત્યંત ચર્ચિત અને વિવાદિત ઈન્ચાર્જ આચાર્ય પર શિક્ષણાધિકારી અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આખરે સપાટો બોલાવ્યો છે. વારંવારની ગંભીર ફરિયાદો અને વ્યાપક વિરોધ બાદ ઉચ્ચ કક્ષાએથી આ ઈન્ચાર્જ આચાર્યની તાત્કાલિક અસરથી આંતરિક બદલી કરી દેવાનો કડક આદેશ છૂટતા જ શિક્ષણ આલમ, સરકારી કચેરીઓ અને સ્થાનિક રાજકારણમાં મોટો ખળભળાટ મચી ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગરની સંબંધિત શિક્ષણ સંસ્થામાં ફરજ બજાવતા આ ઈન્ચાર્જ આચાર્ય સામે છેલ્લા ઘણા સમયથી શાળાના આંતરિક વહીવટમાં ગંભીર ગેરરીતિઓ, પોતાની મનસ્વી નીતિઓ લાદવી, શિસ્તના નામે શિક્ષકો અને અન્ય કર્મચારીઓનું ઉત્પીડન કરવું તેમજ સ્ટાફ સાથે ગેરવર્તણૂક કરવા અંગેની અસંખ્ય ફરિયાદો ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી.

પોતાના પદ અને લાગવગના બળે તેઓ અગાઉ પણ અનેક તપાસો અને વિવાદોને દબાવવામાં સફળ રહ્યા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. આ વગદાર ઈન્ચાર્જ આચાર્ય સામે કોઈ પગલાં ન લેવાતા હોવાથી સ્ટાફ તેમજ શિક્ષણ વર્તુળોમાં ભારે અસંતોષ અને રોષનો લાવા ઉકળી રહ્યો હતો.

શિક્ષણ વિભાગની લાલ આંખ: કોઈ પણ દબાણ સામે ઝૂક્યા વગર આકરો નિર્ણય

તાજેતરમાં જ શાળામાં બનેલી કેટલીક વિવાદિત ઘટનાઓ અને સ્ટાફ દ્વારા શિક્ષણ વિભાગમાં પુરાવા સાથે કરવામાં આવેલી ધારદાર રજૂઆતો બાદ ઉચ્ચ અધિકારીઓએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હતી. શિક્ષણ ધામની મર્યાદા અને વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને શિક્ષણાધિકારી અને શિક્ષણ વિભાગના મેન્યુઅલ મુજબ ઉચ્ચ તંત્રએ આખરે લાલ આંખ કરી હતી.

કોઈપણ પ્રકારની રાજકીય સિફારિશ કે દબાણને વશ થયા વગર તંત્ર દ્વારા આ વગદાર ઈન્ચાર્જ આચાર્યની આંતરિક બદલીનો આદેશ તાત્કાલિક અસરથી રવાના કરી દેવાયો છે.

સ્ટાફ, શિક્ષકો અને વાલી મંડળમાં હરખની હેલી : ઈન્ચાર્જ આચાર્યની બદલીના સમાચાર વાયુવેગે પ્રસરતાની સાથે જ શાળાના શિક્ષકો, બિન-શૈક્ષણિક સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓના વાલીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે. લાંબા સમયથી ચાલી રહેલી તાનાશાહી, માનસિક ત્રાસ અને મનસ્વી વહીવટનો આખરે અંત આવતા તમામ લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. શિક્ષણ જગતના તજજ્ઞો અને વાલીઓએ શિક્ષણ વિભાગના આ નીડર અને કડક પગલાંને આવકાર્યું છે. તંત્રની આ આકરી કાર્યવાહીથી સ્પષ્ટ મેસેજ ગયો છે કે સરકારી કે અનુદાનિત શિક્ષણ સંસ્થાઓમાં સત્તાનો દુરુપયોગ, મનસ્વીપણું કે દાદાગીરી ચલાવી લેવામાં આવશે નહીં.

# ભરૂચ આયોજન ભવનમાંથી ACની કોપર પાઇપ ચોરનાર આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયો

**આ ઉપરાંત ACના ઇન્ડોર અને આઉટડોર યુનિટને જોડતી આશરે પાંચ કિલો કોપર પાઇપ, જેની કિંમત રૂ. 6,000 થાય છે, તેની ચોરી કરી હતી**

ભરૂચ



ભરૂચ જિલ્લા આયોજન ભવન કચેરીના કમ્પાઉન્ડમાંથી ACની કોપર પાઈપની ચોરીના ગુનાનો ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે ભેદ ઉકેલી એક આરોપીને ચોરીના તમામ મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી આશરે રૂ. 6,000ની કિંમતની પાંચ કિલો કોપર પાઈપના ટુકડા કબજે કરાયા છે. ગત તા. 9 ઓક્ટોબર, 2026ના સાંજે 7 વાગ્યાથી તા. 12 ઓક્ટોબરના સવારે 10 વાગ્યા દરમિયાન અજાણ્યા શખસે આયોજન ભવનના કમ્પાઉન્ડમાં લગાવેલા પાંચ AC આઉટડોર યુનિટ પૈકી બે યુનિટ દિવાલ પરથી નીચે ફેંકી આશરે રૂ. 10,000નું નુકસાન કર્યું હતું. આ ઉપરાંત ACના ઈન્ડોર અને આઉટડોર યુનિટને જોડતી આશરે પાંચ કિલો કોપર પાઈપ, જેની કિંમત રૂ. 6,000 થાય છે, તેની ચોરી કરી હતી. આ અંગે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી. માંગરોલીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સની અલગ-અલગ ટીમોએ તપાસ શરૂ કરી હતી.

પોલીસે વિવિધ સ્થળોના CCTV ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી. દરમિયાન હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે મળેલી બાતમીના આધારે યુનિયન સ્કૂલ સામે તપાસ કરતાં આરોપી ચોરીના મુદ્દામાલ સાથે મળી આવ્યો હતો. પોલીસે બજરંગીકુમાર જગદીશભાઈ વાઘેલા (ઉં.વ. 31), રહે. સોનતલાવડી, જિલ્લા ઉદ્યોગ ભવન પાસે, ભરૂચને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ચોરીમાં ગયેલી આશરે રૂ. 6,000ની કિંમતની પાંચ કિલો કોપર પાઈપ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કનુ પટેલના વાડામાંથી લાખોનો વિદેશી દારૂ ઝડપાયો

# ડભોઈ તાલુકાના બોરીયાદ ગામે સ્ટેટ મોનિટરિંગ સેલના ધડાકાભેર દરોડા!!!

ડભોઈ

ગુજરાતમાં દારૂ અને જુગારની બદીને ડામી દેવા માટે પોલીસ વડા દ્વારા આપવામાં આવેલા કડક આદેશો વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ગાંધીનગરની ટીમે વડોદરા ગ્રામ્ય જિલ્લાના ડભોઈ તાલુકામાં સપાટો બોલાવ્યો છે. ડભોઈ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બોરીયાદ ગામે SMC ની ટીમે બાતમીના આધારે સનસનાટીભર્યા દરોડા પાડીને લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ અને વાહનો સહિતનો વિશાળ મુદ્દામાલ ઝડપી પાડ્યો છે, જેના કારણે બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. રાજ્ય પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.જે. રાઠોડ અને તેમની સક્રિય ટીમ બાતમીના આધારે સતર્ક બની હતી. આ બાતમીના આધારે ડભોઈ તાલુકાના બોરીયાદ ગામે વણકરવાસ પાછળ અને પટેલ ફળીયાની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યા એટલે કે કનુભાઈ રામદાસ પટેલના વાડા પર અચાનક રેઈડ કરવામાં આવી હતી. SMC ની આ આક્રમક કાર્યવાહીથી




અસામાજિક તત્વોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાસ્થળે તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ વાડામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની કુલ ૭૨ પેટીઓ મળી આવી હતી. જેમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૨,૭૦૧ વિદેશી દારૂ અને બિયરની બોટલો જપ્ત કરવામાં આવી છે, જેની અંદાજિત કિંમત ૧૩,૬૨,૬૧૨/- થાય છે. દારૂના આ મોટા જથ્થા ઉપરાંત સ્થળ પરથી દારૂની હેરાફેરી માટે વપરાતી ઈનોવા ફોર વ્હીલ ગાડી જેનો નંબર HR-26-DX-1927 છે તેને પણ કબજે કરવામાં આવી છે.

# દિવાળીએ શિનોરમાં રેશનિંગના તેલની અછત: કેટલીક દુકાનોને 70% જથ્થો મળતાં કાર્ડધારકો પરેશાન

સાધલી, હસમુખ પટેલ

ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા અત્યોન્દય તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો (એનએફએસએ) કાર્ડ ધારકોને દિવાળીના તહેવારો દરમિયાન વિના મૂલ્યે તથા રાહત દરે સસ્તા અનાજની દુકાનોમાંથી રેશનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

શિનોર તાલુકાના પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારના દુકાનદારો દ્વારા પરમિટ પ્રમાણે 100% નાણાં ભરી દેવામાં આવેલા છે. અને શિનોર ગોડાઉન તરફથી તમામ દુકાનદારોને વહેલો તે પહેલોના ધોરણે પૂરેપુરો અને પાછળથી અમુક દુકાનોમાં તેલનો જથ્થો 100% ના બદલે 70% આપેલો છે, તે વેપારીઓએ પણ 100 ટકા જથ્થાના નાણાં ભરેલા છે. જેના કારણે જે દુકાનદારોને 70% તેલનો જથ્થો મળ્યો છે, તેઓને રેશનકાર્ડ ધારકો સાથે બોલાચાલીમાં ઉતરવું પડે છે. એક તરફ ગુજરાતનું પુરવઠા ખાતું વર્તમાન પત્રોમાં જાહેરાત આપીને પોતે ઓક્ટોબર માસમાં ફાળવેલ અનાજના જથ્થાની જાહેરાતો કરે છે. જ્યારે શિનોર તાલુકાના અમુક દુકાનદારોને તેલનો 100 ટકાના બદલે હાલમાં 70 ટકા જથ્થો આપવામાં આવેલો છે.

# છોટાઉદેપુરના અછાલા ગામે ડુંગર ઉપર નવરાત્રિનો અનોખો નજારો

**રહસ્યમય ગુફા અને શિવલિંગની સાક્ષીએ જામી ગરબાની રમઝટ**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

તેજબાઈ રાણીના ડુંગર પર મા મહાકાળીની આરાધના સાથે રાત્રિના અંધકારમાં દીવાઓની રોશની વચ્ચે ખેલૈયાઓ ઝૂમ્યા

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ નજીક આવેલા અછાલા ગામના ડુંગર પર ચાલુ નવરાત્રિ મહોત્સવ દરમિયાન એક અનોખું અને દિવ્ય ભક્તિમય દૃશ્ય સામે આવ્યું છે. કુદરતી સૌંદર્ય અને આધ્યાત્મિક આસ્થાથી ઘેરાયેલા આ ડુંગર પર રાત્રિના સમયે માતાજીની આરાધના સાથે ગરબા રમવાની શરૂઆત થતાં સમગ્ર પંથકના શ્રદ્ધાળુઓમાં ભારે આશ્ચર્ય અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.





સ્થાનિક લોકમાન્યતા અનુસાર આ પહાડી વિસ્તાર 'તેજબાઈ રાણીનો ડુંગર' તરીકે ઓળખાય છે. આ પવિત્ર ડુંગરની ટોચ પર મા મહાકાળીની ભવ્ય પ્રતિમા સ્થાપિત છે. તેની સાથે જ અહીં એક રહસ્યમય પ્રાચીન ગુફા અને પવિત્ર શિવલિંગ પણ વિદ્યમાન છે, જે આ સ્થળના ધાર્મિક અને ઐતિહાસિક મહત્વમાં વધારો કરે છે.

નવરાત્રિ પર્વ નિમિત્તે ડુંગર પર રાત્રિના ઘનઘોર અંધકાર વચ્ચે ઝળહળતી દીવાઓની રોશની અને ગુંજતા માતાજીના ગરબાના સૂરોએ સમગ્ર વાતાવરણને ભક્તિરસથી તરબોળ કરી દીધું છે. ડુંગરનું ચઢાણ કપરું અને દુર્ગમ હોવા છતાં, મા મહાકાળી પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને પગલે આસપાસના ગ્રામજનો સહિત મોટી સંખ્યામાં ભક્તો ડુંગરની ટોચે પહોંચી રહ્યા છે.

છોટાઉદેપુર પંથકમાં પ્રથમવાર ડુંગરની ઊંચાઈ પર આ પ્રકારે યોજાયેલા ભક્તિમય ગરબાના આયોજનથી પંથકમાં આસ્થાનું નવું કેન્દ્ર ઊભું થયું છે.

### એલસીબીના હાથે પાંચ શખ્સો ઝડપાયા

# જેતપુરના ખારચીયા ગામે સોલાર પ્લાન્ટમાંથી કેબલની ચોરીનો ભેદ ઉકેલાયો

રાજકોટ

રાજકોટ ગ્રામ્યના જેતપુર તાલુકાના ખારચીયા ગામ પાસે આવેલા 'એમબીટ એનર્જી પ્રા. લિ.'ના સોલાર પ્લાન્ટમાંથી રૂ. 12.48 લાખની કિંમતના સોલાર DC કેબલના 16 ડ્રમની ચોરીના વણઉકેલાયેલા ગુનાનો રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચે ભેદ ઉકેલી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીઓ પાસેથી ચોરીના કેબલ સહિત કુલ રૂ. 21,62,840નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પૂછપરછ દરમિયાન અન્ય વિસ્તારોના સોલાર પ્લાન્ટમાંથી પણ કેબલ ચોર્યાની કબૂલાત આપી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસની વિગતો અનુસાર, તા. 11 ઓક્ટોબર, 2026ના રોજ રાત્રે એકથી સાત વાગ્યા દરમિયાન ખારચીયા ગામ નજીકના સોલાર પ્લાન્ટમાંથી અજાણ્યા શખ્સો 16 ડ્રમમાં




રાખેલો કુલ 16,000 મીટર કેબલ ચોરી કરી ગયા હતા. આ અંગે પ્લાન્ટના મેનેજરની ફરિયાદના આધારે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. સોલાર પ્લાન્ટની આસપાસ તેમજ આરોપીઓએ ભાગવા માટે ઉપયોગમાં લીધેલા સંભવિત માર્ગો પરના CCTV ફૂટેજ તપાસવામાં આવ્યા હતા. ફૂટેજના આધારે વાહનની ઓળખ કરી ટેકનિકલ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. ત્યારબાદ વાહનમાલિક અને ગુનામાં સંડોવાયેલા શખ્સો સુધી પહોંચી પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં દશરથ ઉર્ફે દસો માધાભાઈ સાંખટ (ઉં.વ. 24, રહે. તલી ગામ, ભાવનગર), મહેશ વીજાભાઈ બારૈયા (ઉં.વ. 25, રહે. મેથાળ ગામ, ભાવનગર), પ્રકાશ ઉર્ફે પકો બદુભાઈ બારૈયા (ઉં.વ. 29, રહે. મેથાળ ગામ, ભાવનગર), પ્રવીણ ગણેશભાઈ શીયાળ (ઉં.વ. 36, રહે. મેથાળ ગામ, ભાવનગર) અને વિશાલ ધરમશીભાઈ ભાલીયા (ઉં.વ. 21, રહે. પરતાપરા ગામ, ભાવનગર)નો સમાવેશ થાય છે.

### ૐ વિશ્વ મંગલની ઉદઘોષણા માટે છે:પૂ.મોરારિબાપુ

# માનસ ભારત સ્વસ્તિક યાત્રા"નું ગાન ઓમકારેશ્વર અને ઝાંસીમાં થયું

ઝાંસી, (તખુભાઈ સાંડસુર દ્વારા)

'માનસ ભારત સ્વસ્તિક યાત્રા' છઠ્ઠા દિવસે 15 ઓક્ટોબરના રોજ દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના મધ્યપ્રદેશના ઓમકારેશ્વરમાં પહોંચી હતી. સાતમો દિવસ 16 મીએ ઐતિહાસિક નગરી ઝાંસી માટે રાખવામાં આવ્યો હતો.. પૂ.મોરારિબાપુએ ઓમકારેશ્વર શિવની આરાધના કરતાં કહ્યું કે પરમ અવસ્થાનું નામ જ પરમાત્મા છે.ઓમકારેશ્વર જ્યાં આદિ શંકરાચાર્યને ગુરુ ભગવત પાદ અને ગુરૂ ગોવિંદ પાદ મળ્યા હતાં.તે સ્વયં વેદાંતી હતા. શંકરાચાર્યજીએ ભજ ગોવિંદમ સ્ત્રોતની રચના કરી.ઓમકાર સ્વસ્તિકનો પર્યાય છે,તે નિરાકાર છે.આપણે ત્યાં નવનું મહત્વ ખૂબ છે. નવખંડ, નવરંગ વગેરે તેમાં નવનાદ પણ





છે.જેમાં ઓમકાર તેનો પહેલો નાદ છે. શંખનાદ, વેણુનાદ, સિંહનાદ,મેઘનાદ,સમીરનાદ, સિંહનાદ, ડમરુંનાદ,વંશનાદ પણ છે. સાતમા દિવસે વ્યાસપીઠ તા 16/10 ના રોજ મહારાણી લક્ષ્મીબાઈની ઐતિહાસિક નગરી ઝાંસીમાં આજે પહોંચી હતી.રાષ્ટ્ર મંગલ માટે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા બાપુએ કહ્યું હતુ ઉર્જાનુ સંતુલન જરૂરી છે.પૃથ્વીનો ગુણ ગ્રહણ કરવાનો, વર્ષાના બીજ અંકુરિત કરવાનો પણ છે .તેથી ભૂમિ ઊર્જા છે આવી ઊર્જાને આપણા મસ્તિષ્કમાં ચડાવવાથી વધુ ઊર્જા મળે છે. આવી ભૂમિને દંડવત કરીએ છીએ. રાષ્ટ્રભક્તિથી રંજીત આ ભૂમિને વંદન કરીએ છીએ. આજનો દિવસમાં માં કાત્યાયનીનો પણ છે.ચરણ અને પદ સ્વસ્તિક છે અને ચાર મારગ પણ છે. દેવમારગ,ગુરૂ મારગ,સૂર્ય મારગ છે તે મિત્ર મારગ છે.આત્માનો ખોરાક બુદ્ધ પુરુષની વાણી છે. આપણું શરીર પંચ ભૌતિક છે.આજે કથાના ક્રમમાં કથા ભગવાન રામના જન્મની કથા તેના મહાત્મ્ય અને અયોધ્યા તથા રઘુકુળના ઉત્સવની કથા સંભળાવાય છે. આવતીકાલે કથાયાત્રા તારીખ 17 ઓક્ટોબરના રોજ કૃષ્ણ જન્મભૂમિ મથુરા ખાતે પહોંચશે.પરમ પિતા પરમાત્મા ભગવાન કૃષ્ણને કથા અર્પણ કરવામાં આવશે.કથાનુ સમાપન 23 ઓક્ટોબરના રોજ કેદારનાથ ધામ ખાતે થશે.

# ગુજરાતમાં વીજળી સંકટનાં ઘેરા એંધાણ: રાજ્યમાં ફરી સર્જાશે અંધારપટ જેવી સ્થિતિ

દેશભરમાં અને ખાસ કરીને ગુજરાતમાં વીજળીના ઉત્પાદનને લઈને એક નવો અને ગંભીર પડકાર ઊભો થવાની દહેશત સેવાઈ રહી છે. કોલસાની અછત, લોજિસ્ટિક્સની મર્યાદાઓ અને પાવર પ્લાન્ટ્સમાં ઘટી રહેલા સ્ટોકને કારણે આગામી સમયમાં વીજળી ઉત્પાદન સામે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. શું વિકસિત ગણાતા ગુજરાતમાં વર્ષો જૂની વીજકાપ કે અંધારપટની સ્થિતિ ફરીથી માથું ઊંચકશે? તેવા ગંભીર સવાલો અત્યારે લોકમુખે ચર્ચાએ ચઢ્યા છે.

વધતી જતી વીજ માંગ અને થર્મલ પાવર સ્ટેશનોમાં કોલસાના અપૂરતા જથ્થાને કારણે પાવર જનરેશન પર માઠી અસર પડી રહી છે. આ ઉપરાંત હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સ અને વીજ ઉત્પાદન માટે જળાશયો તથા ડેમોમાં પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવું અનિવાર્ય છે, પરંતુ વીજ માંગમાં સતત વધારો થવાથી ગ્રીડ પરનું ભારણ બેફામ વધી ગયું છે. જો સમયસર આ પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવામાં નહીં આવે તો ગુજરાત સહિતના અગ્રેસર ઉદ્યોગપ્રધાન રાજ્યોમાં પણ વીજ પુરવઠાને લઈને મોટી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે.

# છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખની ચૂંટણીનો ધડાકો: આગામી 19મી ઓક્ટોબરે યોજાશે ચૂંટણી

**22 સપ્ટેમ્બરે કોરમના અભાવે મોકૂફ રખાયેલી બેઠક બાદ નવી તારીખ જાહેર: બિનહરીફ વરણી થશે કે રાજકારણમાં નવો ખેલ રચાશે? સૌની મીટ મંડાઈ!**

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ પદની ચૂંટણીને લઈને સ્થાનિક રાજકારણમાં લાંબા સમયથી ચાલી રહેલી ભારે અનિશ્ચિતતા અને સસ્પેન્સનો આખરે અંત આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા આગામી ૧૯મી ઓક્ટોબરના રોજ પાલિકાના નવા પ્રમુખની ચૂંટણી યોજવા માટેની નવી તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આ નવી તારીખની જાહેરાત થતાં જ છોટાઉદેપુરના રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે અને પક્ષીય



ગણિતો તેમજ આંતરિક સમીકરણો તેજ બની ગયા છે. સમગ્ર પ્રકરણની વિગત મુજબ, છોટાઉદેપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખનો જાતિનો સક્ષમ દાખલો રદ ઠરતાં નિયમ મુજબ તેમનું કાઉન્સિલર/સભ્ય પદ રદ કરવામાં આવ્યું હતું. પ્રમુખનું સભ્ય પદ જ રદ થઈ જતાં નગરપાલિકાનું પ્રમુખ પદ ખાલી પડ્યું હતું. પાલિકાની આ મહત્ત્વપૂર્ણ બેઠક માટે વહીવટી તંત્ર દ્વારા અગાઉ ગત ૨૨ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી પ્રક્રિયા યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત ૨૨ સપ્ટેમ્બરે પ્રમુખ પદની ચૂંટણીને લઈને ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. જોકે, ચૂંટણી સભા દરમિયાન પડદા પાછળ ચાલેલા ભારે ખેલ અને રાજકીય વ્યૂહરચનાના ભાગરૂપે તમામ કાઉન્સિલરો/સભ્યો ગેરહાજર રહ્યા હતા. કોરમ (ન્યૂનતમ હાજરી) પૂરી ન થવાના કારણે ચૂંટણી અધિકારી અને વહીવટી તંત્રને ચૂંટણી પ્રક્રિયા મોકૂફ રાખવાની આકરી ફરજ પડી હતી.

હવે ૧૯મી ઓક્ટોબરે ચૂંટણીની નવી તારીખ જાહેર થતાં જ નગરપાલિકાના તમામ જૂથો, સભ્યો અને વિવિધ રાજકીય પક્ષોના મોભીઓ ફરી એકવાર હરકતમાં આવી ગયા છે. નગરમાં અત્યારે એક જ સવાલ પૂછાઈ રહ્યો છે કે, શું ૧૯મી ઓક્ટોબરે ભાજપ કે અન્ય જૂથ દ્વારા બિનહરીફ વરણીનો તખ્તો તૈયાર કરાશે કે પછી છેલ્લા ઘડીએ ક્રોસ વોટિંગ, આંતરિક ખેંચતાણ અને નવા જૂથબંધીના સમીકરણો રચાઈને કોઈ નવો જ રાજકીય ખેલ જોવા મળશે? હાલમાં તો છોટાઉદેપુર નગરપાલિકાના સભ્યોને એકજૂથ રાખવાની અને આંતરિક મનોમન મનાવવાની રાજકીય ગોઠવણો પૂર્ણ જોશમાં ચાલી રહી છે. ૧૯ ઓક્ટોબરે છોટાઉદેપુરનો સત્તાનો તાજ કોના શિરે સજશે તે તરફ સમગ્ર નગરજનો અને જિલ્લાભરના રાજકીય વિશ્લેષકોની મીટ મંડાયેલી છે.



### નુસરતના ઑપરેશનની જાણકારી એમની જ ટીમે આપી

# બાલી અકસ્માત બાદ નુસરત ભરૂચાને મળી હોસ્પિટલમાંથી રજા

મુંબઈ

બોલિવૂડની એક્ટ્રેસ નુસરત ભરૂચાની સ્પાઈન સર્જરીનું સફળ ઑપરેશન કર્યા બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યો છે. હવે તે પોતાના ઘરે આરામ કરી રહી છે. એક્ટ્રેસની ટીમે આ અંગે વિગતવાર વાત કરતા જણાવ્યું હતું કે, આ સર્જરી સફળ રહી છે. ઑપરેશન સફળ રહ્યું છે. એમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. થોડા દિવસ પહેલા એમનો ગંભીર અકસ્માત થયો હતો. જેમાં એમની કરોડરજ્જૂમાં નુકસાન થયું હતું. બેક સાઈટ પર ફ્રેક્ચર થયું હતું. આ ઘટના બાદ એર એમ્બ્યુલન્સ દ્વારા એમને મુંબઈ શિફ્ટ કરાયા હતા. આ ઘટના બાદ પ્રાથમિક ધોરણે બાલીની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી, પછી ઈન્જરીની ગંભીરતાને ધ્યાને લેતા મુંબઈ શિફ્ટ કરાયા હતા. મુંબઈની બ્રિચકેન્ડી હોસ્પિટલમાં એને એડમિટ કરાયા હતા. મુંબઈ આવ્યા બાદ નુસરતનો એક વીડિયો પણ સામે આવ્યો હતો.જેમાં તે સ્ટ્રેચર પર જોવા મળી હતી. બે અઠવાડિયા સુધી એમની આ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. હવે એક્ટ્રેસની તબિયત સારી છે અને તે પોતાના ઘરે આરામ કરી રહી છે. સંપૂર્ણ રીતે સ્વસ્થ થતા એને થોડો સમય લાગશે. નુસરતના ઑપરેશનની જાણકારી એમની જ ટીમે આપી છે.

અકસ્માત બાદ ખૂબ જ મુશ્કેલી પડી હતી અને ગંભીર ઈજા પહોંચી હતી. હવે તેની સ્પાઈન ઈન્જરી સફળ થઈ છે. ઘરમાં પણ એની પૂરતી સારસંભાળ લેવામાં આવી રહી છે. સંપૂર્ણ રીતે સ્વસ્થ થયા બાદ ફરી તે કોઈ ફિલ્મ પ્રોજેક્ટ સાથે જોડાઈ જશે. પણ સંપૂર્ણ રીતે સ્વસ્થ થવામાં એમને થોડો સમય લાગશે. હાલમાં તો ખૂબ જ પોઝિટિવ છે અને ફરીથી બેઠા થવા માટે પ્રયાસ કરી રહી છે. જરૂરી એવું ડાયેટ પણ કરી રહી છે. બાલીમાં અકસ્માત બાદ હાલમાં તે મુંબઈમાં છે. અકસ્માતના લગભગ એક અઠવાડિયા પહેલાં નુસરતે સોશિયલ મીડિયા પર રજાઓની કેટલીક તસવીરો શેર કરી હતી. નુસરત ટાઈગર શ્રોફની આગામી ફિલ્મની કાસ્ટમાં સામેલ થવાની પણ ચર્ચા છે. આ ટાઈગર અને નુસરતની પહેલી ઑન-સ્ક્રીન જોડી હશે. બોલિવૂડની એક્ટ્રેસ નુસરત ભરૂચાની સ્પાઈન સર્જરીનું સફળ ઑપરેશન કર્યા બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી દેવામાં આવ્યો છે. હવે તે પોતાના ઘરે આરામ કરી રહી છે.

**મુંબઈ આવ્યા બાદ નુસરતનો એક વીડિયો પણ સામે આવ્યો હતો.જેમાં તે સ્ટ્રેચર પર જોવા મળી હતી**

## યામી ગૌતમ રામલલ્લાના દર્શન કરીને ભાવુક

### યામીએ કહ્યું કે, 'પહેલીવાર અયોધ્યા આવીને ભાવુક છું. ભગવાન શ્રીરામના દર્શન કરવા સૌભાગ્યની વાત છે.'

મુંબઈ

નેશનલ અવૉર્ડ વિનર યામી ગૌતમે બુધવારે અયોધ્યામાં રામલલ્લાના દર્શન કર્યાં. ત્યારબાદ તે હનુમાનગઢી ગઈ અને બજરંગબલીના આશીર્વાદ લીધાં. યામી તેની આગામી ફિલ્મ 'નઈ નવેલી'ના પ્રમોશન માટે અયોધ્યા પહોંચી હતી.

યામીએ કહ્યું કે, 'પહેલીવાર અયોધ્યા આવીને ભાવુક છું. ભગવાન શ્રીરામના દર્શન કરવા સૌભાગ્યની વાત છે.' યામીએ કહ્યું- 'જે પાવન નગરીએ ભગવાન શ્રીરામ માટે 14 વર્ષ સુધી રાહ જોઈ, ત્યાં આવીને દર્શન કરવું સૌભાગ્યની વાત છે.' તેણે અયોધ્યા આવવા પર ખુશી વ્યક્ત કરી અને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી. મીડિયાની સાથે વાતચીતમાં યામીએ પોતાની ફિલ્મ 'આર્ટિકલ 370'નો પણ ઉલ્લેખ કર્યો. તેણે ફિલ્મની રિલીઝને લઈને વાત કરી.

રામ કી પૈડી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ફિલ્મની ટીમ સાથે નિર્માતા આનંદ એલ. રાય પણ હાજર રહ્યા. કાર્યક્રમમાં સિંગર સાધુ તિવારીએ ફિલ્મનું ગીત 'અવધિયા કે રાજા' ગાયું. આ ગીત શ્રેયા ઘોષાલના અવાજમાં છે.

તેના બોલ વાયુએ લખ્યા છે અને સંગીત જી.વી. પ્રકાશ કુમારે આપ્યું છે. યામી ગૌતમ સ્ટારર 'નઈ નવેલી'નું ડિરેક્શન બાલાજી મોહને કર્યું છે. ફિલ્મની વાર્તા હિમાંશુ શર્મા અને દિવ્ય નિધિ શર્માએ લખી છે. તેનું નિર્માણ આનંદ એલ. રાય અને હિમાંશુ શર્માએ કર્યું છે. ફિલ્મમાં અદિનાથ એમ. કોઠારે, અનુરાગ ઠાકુર, સુનીતા રાજવાર, મીતા વશિષ્ઠ, આદિત્ય કુલશ્રેષ્ઠ, સુસ્મિતા મુખર્જી અને પ્રતીક પચૌરી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં ફેન્ટસી, મિસ્ટ્રી, ઍક્શન અને ઈમોશનનું મિશ્રણ જોવા મળશે. જી.વી. પ્રકાશ કુમારે તેનું સંગીત તૈયાર કર્યું છે.



## 'રામાયણ'નું નવું ટ્રેલર રિલીઝ! રણબીર-યશ વચ્ચે થશે ભીષણ યુદ્ધ

### ભવ્ય વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, દમદાર એક્શન અને પૌરાણિક કથાના શાનદાર ચિત્રણને કારણે ટ્રેલર ચર્ચામાં આવ્યું છે

મુંબઈ

બોલિવૂડની સૌથી ચર્ચિત ફિલ્મોમાંની એક 'રામાયણ'ને લઈને દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અભિનેતા રણબીર કપૂર અભિનીત આ ફિલ્મનું નવું ઈન્ટરનેશનલ ટ્રેલર 15 ઓક્ટોબરે રિલીઝ કરવામાં આવ્યું છે. નિતેશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મના ટ્રેલરમાં ભગવાન શ્રીરામ અને લંકાપતિ રાવણ વચ્ચેના મહાયુદ્ધની ઝલક જોવા મળે છે. ભવ્ય વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, દમદાર એક્શન અને પૌરાણિક કથાના શાનદાર ચિત્રણને કારણે ટ્રેલર ચર્ચામાં આવ્યું છે. લગભગ 2 મિનિટ 36 સેકન્ડના આ ટ્રેલરમાં ભગવાન રામ અને રાવણ વચ્ચે થનારા યુદ્ધની ઝલક બતાવવામાં આવી છે. ટ્રેલરની શરૂઆત દેવતાઓ અને મનુષ્યોના સમયની વાત સાથે થાય છે, જેમાં અંધકારમાંથી એક શક્તિશાળી દુષ્ટ શક્તિના ઉદયનો ઉલ્લેખ કરવામાં આવે છે. ત્યારબાદ અભિનેતા યશ રાવણના પ્રભાવશાળી રૂપમાં જોવા મળે છે. ટ્રેલરમાં તેનો આત્મવિશ્વાસ, શક્તિ અને મહત્ત્વાકાંક્ષા સ્પષ્ટ રીતે જોવા મળે છે. રાવણનું આ રૂપ ફિલ્મમાં તેના પાત્રને વધુ ભવ્ય અને પ્રભાવશાળી બનાવે છે.

રણબીર કપૂર ભગવાન શ્રીરામના રૂપમાં

અભિનેતા રણબીર કપૂર ભગવાન શ્રીરામના પાત્રમાં જોવા મળે છે. ટ્રેલરમાં તેઓ ધનુષ્ય-બાણ સાથે રાક્ષસોનો સામનો કરતા નજરે પડે છે. ટ્રેલરમાં તેમનું પાત્ર ધૈર્ય, હિંમત અને ધર્મની રક્ષા માટેની પ્રતિબદ્ધતાનું પ્રતીક બનીને સામે આવે છે. બીજી તરફ, સાઈ પલ્લવી માતા સીતાની ભૂમિકામાં જોવા મળે છે. બંને કલાકારો વચ્ચેની ભાવનાત્મક ક્ષણો પણ ટ્રેલરમાં દર્શાવવામાં આવી છે. ટ્રેલરમાં જટાયુ અને રાવણ વચ્ચેના સંઘર્ષની ઝલક પણ જોવા મળે છે. આ ઉપરાંત રાક્ષસી વિશાળ મહેલો, રાક્ષસી સેનાના યુદ્ધના સીન જોવા મળે છે. આ સીન્સમાં VFX દ્વારા કહાનીની ભવ્યતા સ્ક્રીન પર ઉતારવાના પ્રયત્નો કરવામાં અવાય છે. ફિલ્મમાં અનેક જાણીતા કલાકારો મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. નિર્માતા નમિત મલ્હોત્રા અને યશ સાથે મળીને આ મહાકાવ્યને બે ભાગમાં રજૂ કરવાની યોજના ધરાવે છે.







## કરીના કપૂરે વેડિંગ એનિવર્સરી નિમિત્તે સૈફ સાથેની અમુક તસવીરો પોસ્ટ કરી

### કરીનાએ તસવીરો સાથે લખ્યું હતું, 'જીવનનું વધુ એક વર્ષ વીતી ગયું, પરંતુ સાથે રહેવા માટે આખી જિંદગી હજુ બાકી છે'

મુંબઈ

બોલિવૂડના લોકપ્રિય કપલ કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાનના લગ્નજીવનને 14 વર્ષ પૂર્ણ થયાં છે. 16 ઓક્ટોબર, 2026ના આજના દિવસે બંનેએ એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. કરીનાએ સોશિયલ મીડિયા પર કેટલીક ખાસ તસવીરો શેર કરીને લગ્નજીવનની યાદગાર ક્ષણોને તાજી કરી હતી.

કરીનાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી તસવીરોમાં સૈફ સાથે વિતાવેલી સુંદર પળો પરિવાર સાથેની યાદો અને રજાઓ દરમિયાનની કેટલીક ખાસ ક્ષણોની ઝલક જોવા મળી હતી. આ તસવીરો દ્વારા અભિનેત્રીએ પોતાના સંબંધની અત્યાર સુધીની સફર ચાહકો સાથે શેર કરી હતી. કરીનાએ તસવીરો સાથે લખ્યું હતું, 'જીવનનું વધુ એક વર્ષ વીતી ગયું, પરંતુ સાથે રહેવા માટે આખી જિંદગી હજુ બાકી છે' કરીનાની આ લવલી પોસ્ટે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. કરીના અને સૈફની લવ સ્ટોરીની શરૂઆત વર્ષ 2008માં ફિલ્મ 'ટશન'ના શૂટિંગ દરમિયાન થઈ હતી સાથે કામ કરતાં બંને એકબીજાની નજીક આવ્યાં હતાં. લગભગ પાંચ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. 16 ઓક્ટોબર, 2012ના મુંબઈમાં બંનેએ લગ્ન કર્યા હતાં. આ કપલે શરૂઆતમાં સૈફના બાંદ્રા સ્થિત નિવાસસ્થાને ખાનગી રીતે કોર્ટ મેરેજ કર્યા હતાં. ત્યાર બાદ સંગીત, નિકાહ અને રિસેપ્શન સહિતના પરંપરાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્નમાં પરિવારજનો અને નજીકના મિત્રો સામેલ થયા હતા. લગ્ન બાદ કરીના અને સૈફ બે દીકરાઓનાં માતા-પિતા બન્યાં હતાં. તેમના મોટા દીકરાનું નામ તૈમૂર અને નાના દીકરાનું નામ જેહ (એટલે કે જહાંગીર અલી ખાન) રાખ્યું છે. બંનેએ ઘણીવાર સોશિયલ મીડિયા પર પરિવાર સાથે વિતાવેલી ખાસ પળોની ઝલક શેર કરતા રહે છે.

## અશ્લીલ કોમેડી કરવી પડી ભારે! હર્ષ ગુજરાલ અને મધુર વિરલીને મહારાષ્ટ્ર સાયબર સેલનું સમન્સ

મુંબઈ

સ્ટેન્ડઅપ કોમેડી દ્વારા દર્શકોને હસાવનારા જાણીતા કોમેડિયન હર્ષ ગુજરાલ અને મધુર વિરલીની મુશ્કેલીઓ વધી છે. બંને કોમેડિયનોને કથિત અશ્લીલ અને વાંધાજનક ભાષાના ઉપયોગના આરોપસર મહારાષ્ટ્ર સાયબર સેલે સમન્સ પાઠવ્યું છે. એક મહિલાની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. બંનેને 19 ઓક્ટોબર, 2026ના રોજ પૂછપરછ માટે હાજર રહેવા જણાવાયું છે. અહેવાલ અનુસાર, એક મહિલાએ ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે બંને કોમેડિયનોએ તેમના કોમેડી શો દરમિયાન અશ્લીલ અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો. ફરિયાદ મળ્યા બાદ મહારાષ્ટ્ર સાયબર સેલે તપાસ શરૂ કરી છે. જોકે, આ મામલે કયા ચોક્કસ જોક્સ, વીડિયો કે સ્ટેન્ડઅપ પર્ફોર્મન્સને લઈને ફરિયાદ કરવામાં આવી છે, તે અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

કોણ છે આ હર્ષ ગુજરાલ?

હર્ષ ગુજરાલ માત્ર સ્ટેન્ડઅપ કોમેડી પૂરતો મર્યાદિત નથી. તેણે વર્ષ 2025માં આવેલી ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી' માં રેહાન કુરેશીની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં અર્જુન કપૂર, ભૂમિ પેડણેકર અને રકુલ પ્રીત સિંહ પણ જોવા મળ્યાં હતાં. આ ઉપરાંત તે 'ધ કપિલ શર્મા શો' અને 'મેડનેસ મચાયેંગે - ઈન્ડિયા કો હસાએંગે' જેવા કાર્યક્રમોમાં પણ જોવા મળ્યો છે. તેણે 'ધ ટ્રેટર્સ' અને 'ખતરોં કે ખિલાડી' જેવા રિયાલિટી શોમાં પણ ભાગ લીધો છે. જૂન 2026માં મધુર વિરલીના સ્ટેન્ડઅપ શો 'લવ એન્ડ લેટેક્સ' નો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી વાયરલ થયો હતો. આ વીડિયોમાં દુષ્કર્મ જેવા સંવેદનશીલ વિષયને લઈને કરવામાં આવેલા જોકની ભારે ટીકા થઈ હતી. ત્યારબાદ મધુર વિરલીએ જાહેરમાં માફી માગી હતી.



## બોલરોને એટલો મારશો નહીં કે તેઓ ફરી મેદાન પર આવવા ન ઇચ્છે

# ચેતન શર્માએ કહ્યું- બોલરો માટે મદદરૂપ પીચ બનાવે BCCI

મુંબઈ

BCCIના ભૂતપૂર્વ ચીફ સિલેક્ટર અને ક્રિકેટર ચેતન શર્માએ BCCIને બોલરો માટે મદદરૂપ પીચ તૈયાર કરવા કહ્યું છે. તેમણે કહ્યું- 'T-20 ક્રિકેટમાં બેટર્સને અનુકૂળ પીચને કારણે બેટ અને બોલ વચ્ચેનું સંતુલન બગડી રહ્યું છે.'

ચેતને નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું- 'હું માનું છું કે બોલરો રન આપવા માટે મેદાન પર આવે છે. પરંતુ તેમને એટલા બધા રન ન ફટકારો કે તેઓ ફરી મેદાન પર આવવા જ ન ઈચ્છે.' બોલ અને બેટ વચ્ચે સંતુલન જરૂરી ચેતને કહ્યું કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ એવી પીચ હોવી જોઈએ, જેના પર બોલરો આક્રમક બેટર્સનો સામનો કરી શકે. તેમણે ડોમેસ્ટિક ક્રિકેટમાં બોલરોને મદદરૂપ પીચની જેમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ આવી પીચ તૈયાર કરવા પર ભાર મૂક્યો. ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે રમાઈ રહેલી T20



સિરીઝમાં 98 છગ્ગા અને 104 ચોગ્ગા લાગી ચૂક્યા છે. સિરીઝમાં અત્યાર સુધી 4 મેચ રમાઈ છે. આ 8 ઈનિંગ્સમાં 6 વખત બંને ટીમે 200+ રનનો આંકડો પાર કર્યો. બીજી T20માં તો ભારતે 249 રન બનાવ્યા હતા અને આ લક્ષ્યાંક પણ વેસ્ટ ઈન્ડીઝે 9 બોલ બાકી રહેતાં ચેઝ કરી લીધો. ત્રીજી T20માં ભારતે 223 રન બનાવ્યા અને વેસ્ટ ઈન્ડીઝને 209 રન પર રોકી દીધું. ચોથી મેચમાં વેસ્ટ ઈન્ડીઝે પ્રથમ બેટિંગ કરતાં 247 રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમે 223 રન બનાવ્યા. પ્રથમ મુકાબલામાં પણ ભારતે 172 રનનો ટાર્ગેટ માત્ર 14.4 ઓવરમાં જ ચેઝ કરી લીધો હતો. ચેતન શર્માએ ગ્રાસરૂટ સ્તરે T20 ક્રિકેટની વધતી લોકપ્રિયતાને સ્વીકારી. જોકે, તેમણે યુવા ખેલાડીઓના વિકાસ માટે રેડ-બોલ ક્રિકેટને જરૂરી ગણાવ્યું. તેમણે કહ્યું- 'હું જૂના વિચારો ધરાવતી વ્યક્તિ છું. મારું માનવું છે કે રેડ-બોલ ક્રિકેટ દરેક માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.' ચેતનના જણાવ્યા અનુસાર, ખેલાડીઓને રેડ-બોલ ક્રિકેટની તકો પણ મળવી જોઈએ. તેમણે જણાવ્યું કે તેઓ એવા અનેક કોચને મળ્યા છે, જેઓ આ ફોર્મેટ પર ધ્યાન આપી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે ખેલાડીઓને જે પણ તકો મળી રહી છે, તેનો લાભ લઈને રમવું જોઈએ.

## શાહરુખ ખાનનો પાડોશી બન્યો સૂર્યકુમાર યાદવ

અબુ ધાબી

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન સૂર્યકુમાર યાદવ મેદાન પર પોતાના ખતરનાક રમત માટે જાણીતો છે. પોતાની વિસ્ફોટક બેટિંગ અને શાનદાર ફિલ્ડિંગથી વિરોધી બોલરોને ઘૂંટણિયે પાડી દેનાર 'સૂર્યા' આ વખતે કોઈ મેચના કારણે નહીં, પરંતુ એક ખૂબ જ ખાસ કારણથી ચર્ચામાં છે.



આલીશાન ઘરના માલિક બન્યા સૂર્યકુમાર

વાસ્તવમાં સૂર્યકુમાર યાદવે પ્રોપર્ટીમાં એક મોટું રોકાણ કર્યું છે. તેણે દુબઈમાં એક આલીશાન ઘર ખરીદી લીધું છે. સૌથી ખાસ વાત એ છે કે તે હવે બોલિવૂડના કિંગ શાહરુખ ખાનના પાડોશી બની ગયો છે. સૂર્યકુમાર યાદવે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કરીને આ ગુડન્યૂઝ આપી છે. સૂર્યકુમાર વીડિયોમાં પ્રોપર્ટીના પેપર્સ પર સહી કરતો નજરે પડી રહ્યો છે. આ દરમિયાન તેની પત્ની દેવિશા શેટ્ટી પણ હાજર રહી હતી. પ્રોપર્ટી પેપર્સ પર સહી કરતી વખતે બંને એકબીજા સાથે હસી-મજાક કરતો નજરે પડ્યો. ક્રિકેટરે આ પ્રોપર્ટી દુબઈમાં 'Danube Properties' પાસેથી ખરીદી છે. તેમણે દુબઈમાં ઘર ખરીદવાનું કારણ પણ જણાવ્યું. સૂર્યકુમારે કહ્યું કે, અમે અહીં IPL રમ્યા હતા. હું 2014માં અહીં પહેલીવાર આવ્યો હતો. ત્યારબાદ અમે 2020માં પણ અહીં આવ્યા હતા. હવે આખું ઈન્ડિયા જ દુબઈ આવી રહ્યું છે.

### 8 છગ્ગા, 19 ચોગ્ગા, 173 રન ફટકાર્યા

## વીરેન્દ્ર સેહવાગના દીકરાની ક્રિકેટના મેદાનમાં તોફાની બેટિંગ

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગે વીનુ માંકડ ટ્રોફીમાં શાનદાર બેટિંગ કરીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. 16 ઑક્ટોબરે ચંડીગઢ સામે રમાયેલી અંડર-19 મેચમાં 18 વર્ષીય આર્યવીરે 143 બોલમાં 173 રન ફટકાર્યા હતા. તેની આ ઈનિંગ્સમાં 19 ચોગ્ગા અને 8 છગ્ગાનો સમાવેશ થાય છે. તેના આક્રમક પ્રદર્શનને કારણે દિલ્હીની ટીમે 50 ઓવરમાં 6 વિકેટે 289 રન બનાવ્યા હતા. વિજયનગરમના ડૉ. પીવીજી રાજુ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં



રમાયેલી આ મેચમાં આર્યવીરે મુશ્કેલ સમયે ટીમની જવાબદારી સંભાળી હતી. બીજા છેડે ઓપનર અર્ણવ બુગ્ગાએ 47 રન બનાવ્યા હતા. બંને વચ્ચે પ્રથમ વિકેટ માટે 98 રનની ભાગીદારી થઈ હતી. અર્ણવના આઉટ થયા બાદ આર્યવીરે અભિરાજ સિંહ સાથે ત્રીજી વિકેટ માટે 48 રન ઉમેર્યા હતા. અભિરાજે 18 રનનું યોગદાન આપ્યું હતું. દિલ્હીનો સ્કોર 4 વિકેટે 179 રન હતો ત્યારે આર્યવીરે શાંતનુ યાદવ સાથે પાંચમી વિકેટ માટે 89 રનની ભાગીદારી કરી હતી. શાંતનુ 27 રન બનાવી અણનમ રહ્યો હતો. ચંડીગઢ તરફથી રૂપેશ યાદવે સૌથી વધુ બે વિકેટ ઝડપી હતી. આર્યવીર માટે આ ઈનિંગ્સ ખાસ રહી હતી. અગાઉ કર્ણાટક સામેની મેચમાં દિલ્હીનો 198 રનથી પરાજય થયો હતો. કર્ણાટકે 418 રન બનાવ્યા હતા, જ્યારે દિલ્હીની ટીમ 220 રનમાં સમેટાઈ ગઈ હતી. તે મેચમાં આર્યવીરે 32 રન બનાવ્યા હતા.

## વર્લ્ડ કપમાં ધૂમ મચાવનાર ખેલાડીએ નિવૃત્તિ જાહેર કરી

### ભારતીય મહિલા ક્રિકેટ ટીમની અનુભવી બેટર પૂનમ રાઉતે 37 વર્ષની વયે તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

નવી દિલ્હી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની અનુભવી બેટર પૂનમ રાઉતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ પ્રારૂપમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. 37 વર્ષીય પૂનમે સોશિયલ મીડિયા પર આ અંગેની જાણકારી આપી હતી. વર્ષ 2009માં ડેબ્યૂ કરનાર પૂનમ લાંબા સમયથી (2021થી) ભારતીય ટીમમાંથી બહાર ચાલી રહી હતી. પોતાની કારકિર્દી દરમિયાન તેણે ભારત માટે 73 વનડેમાં 2299 રન, 35 ટી20 ઈન્ટરનેશનલમાં 719 રન અને 4 ટેસ્ટ મેચમાં 264 રન બનાવ્યા છે. તેના નામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ 4 સદી અને 19 અડધી સદી નોંધાયેલી છે. 2017ના મહિલા



વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ મેચમાં તેમની 86 રનની યાદગાર ઈનિંગ્સ તેમજ આયર્લેન્ડ સામે દીપ્તિ શર્મા સાથેની 320 રનની રેકોર્ડ ઓપનિંગ ભાગીદારી હંમેશાં યાદ રહેશે.

સંન્યાસની જાહેરાત કરતા પૂનમે કહ્યું, 'મુંબઈની ગલીઓથી લઈને ભારતીય જર્સી પહેરવા સુધીની આ સફર કોઈ વરદાનથી ઓછી નહોતી. મારા અંદરનો ખેલાડી હવે આંતરરાષ્ટ્રીય રમતથી વિદાય લઈ રહ્યો છે, પરંતુ આ રમત માટેનો મારો પ્રેમ ક્યારેય રિટાયર થશે નહીં.' ભારતીય મહિલા ક્રિકેટ ટીમની અનુભવી બેટર પૂનમ રાઉતે 37 વર્ષની વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. 2009માં ડેબ્યૂ કરનાર પૂનમ, 2021થી ટીમમાંથી બહાર હતી. તેણે 73 વનડેમાં 2299 રન, 35 ટી20માં 719 રન અને 4 ટેસ્ટમાં 264 રન બનાવ્યા છે. 2017 વર્લ્ડ કપ ફાઈનલમાં 86 રનની ઈનિંગ્સ અને દીપ્તિ શર્મા સાથે 320 રનની રેકોર્ડ ભાગીદારી તેની કારકિર્દીની યાદગાર પળો છે.



## દેશમાં ઈંધણની અછત રોકવા માટે કેન્દ્ર સરકારનો નિર્ણય

# પેટ્રોલ પર એક્સપોર્ટ ડ્યુટી 5 ગણી વધી

મુંબઈ

ક્રુડ ઓઈલની કિંમતોમાં ચાલી રહેલા ઉતાર-ચઢાવ વચ્ચે કેન્દ્ર સરકારે પેટ્રોલની નિકાસ પરનો ટેક્સ 5 ગણો વધારી દીધો છે. જ્યારે ડીઝલની નિકાસ પર લાગતો વિન્ડફોલ ટેક્સ લગભગ અડધો કરી દીધો છે. નાણાં મંત્રાલયે દેશમાં ઈંધણની અછત ન સર્જાય તે માટે નવા દરો આજથી એટલે કે 16 ઑક્ટોબરથી લાગુ કરી દીધા છે. સામાન્ય જનતાના ખિસ્સા પર કોઈ અસર નહીં પડે નવા કર આગામી બે અઠવાડિયા સુધી લાગુ રહેશે. તેની અસર માત્ર વિદેશ મોકલવામાં આવતા પેટ્રોલિયમ ઉત્પાદનો પર થશે. સ્થાનિક પેટ્રોલ પંપો પર પેટ્રોલ-





ડીઝલની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કેન્દ્ર દર બે અઠવાડિયે આ શુલ્કની સમીક્ષા કરે છે. વૈશ્વિક કાચા તેલની કિંમતોમાં થતા ઉતાર-ચઢાવ અનુસાર શુલ્ક નક્કી કરવામાં આવે છે. ભારત સરકાર દર 15 દિવસે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ અને રિફાઈન્ડ પ્રોડક્ટ્સના ભાવોની સમીક્ષા કરે છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે ક્રૂડના ભાવ ઊંચા છે. આવી સ્થિતિમાં ભારતીય રિફાઈનરી કંપનીઓ વધુ નફો કમાવાની લાલચમાં દેશનું તેલ વિદેશમાં વેચવા ન લાગે, તેને રોકવા અને સ્થાનિક ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો-વધારો કરવામાં આવે છે. અમેરિકા દ્વારા શિપિંગ ખર્ચ ઘટાડવા માટે ઓઈલ ટેન્કરો પરથી કેટલાક પ્રતિબંધો હટાવવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે અને ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) દ્વારા ઈમરજન્સી સ્ટોક જાહેર કરવાના સંકેતો મળ્યા બાદ કાચા તેલના ભાવમાં સામાન્ય ઘટાડો થયો છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પ પ્રશાસન ઈરાન, રશિયા અને વેનેઝુએલાથી તેલ લઈ જતા ટેન્કરોને છૂટ આપવાની યોજના બનાવી રહ્યું છે.

## જિયોની સેટેલાઇટ સેવાઓ પણ મંજૂરીની રાહમાં છે

# 'અમે હરિફાઈથી ડરતા નથી...' સ્ટારલિંકની એન્ટ્રી મામલે ઈલોન મસ્કને રિલાયન્સનો જવાબ

### રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ અંગે સ્પષ્ટતા કરી છે. મુકેશ અંબાણીની રિલાયન્સ ઈલોન મસ્કની સ્ટારલિંક સહિતની કોઈપણ કંપની સાથે સ્પર્ધા કરવા તૈયાર છે

મુંબઈ

ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરવાને લઈને મોટો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતા મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે જણાવ્યું છે કે તેઓ ઈલોન મસ્કની સ્ટારલિંક સહિતની કોઈપણ કંપની સાથે સ્પર્ધા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આપેલી માહિતી મુજબ, રિલાયન્સને કોમ્પિટિશનથી ક્યારેય ડર લાગતો નથી અને તેઓ સેટેલાઈટ કમ્યુનિકેશન ક્ષેત્રે નવી કંપનીઓના આગમનનું સ્વાગત કરે છે. જોકે, તેમણે ભારપૂર્વક એ પણ ઉમેર્યું છે કે ભારતમાં બિઝનેસ કરતી દરેક દેશી કે વિદેશી કંપનીએ દેશના કાયદા અને સરકારી પ્રક્રિયાઓનું કડકપણે પાલન કરવું અનિવાર્ય છે. રિલાયન્સે પોતાના નિવેદનમાં





ખાસ સ્પષ્ટતા કરી છે કે તેમની પોતાની સહયોગી કંપની જિયોની સેટેલાઈટ સેવાઓને પણ સરકારી મંજૂરીઓ મળવાની બાકી છે. ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભારતીય અને વિદેશી તમામ અરજદારો માટે એકસમાન પ્રક્રિયા લાગુ થાય છે. રિલાયન્સના જણાવ્યા મુજબ, રોકાણ અને ઈનોવેશન માટે મુક્ત વાતાવરણ દેશના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આ વ્યવસ્થા કાયદાના શાસન પર આધારિત હોવી જોઈએ અને દરેક કંપનીએ નિયમોનું પાલન કરીને જ ભારતીય ગ્રાહકોને સેવાઓ આપવી જોઈએ.

પોતાના સ્પર્ધાત્મક અનુભવનો ઉલ્લેખ કરતા રિલાયન્સે જણાવ્યું હતું કે જિયોએ વર્ષ 2016માં ભારતીય ટેલિકોમ માર્કેટમાં પ્રવેશીને ઝીરો ગ્રાહકથી શરૂઆત કરી હતી અને આજે લગભગ 10 વર્ષોમાં જિયોના 53 કરોડથી પણ વધુ ગ્રાહકો થઈ ગયા છે. કંપનીએ દાવો કર્યો છે કે જિયોએ દેશમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તાર અને સસ્તા ડેટા સેવાઓને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે અને સ્પર્ધાનો અસલી માપદંડ એ જ છે કે કોણ ગ્રાહકોને ઉત્તમ સેવા પૂરી પાડે છે. રિલાયન્સે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તે સેટેલાઈટ કમ્યુનિકેશન ક્ષેત્રે સ્ટારલિંક સહિત અન્ય તમામ કંપનીઓની ઉપસ્થિતિને આવકારે છે, પરંતુ જિયો સહિત દરેક કંપનીએ ભારતના કાયદા અને નીતિઓનું પાલન કરવું જ પડશે. ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટનો વ્યાપ વધવાની સાથે આવનારા સમયમાં કંપનીઓ વચ્ચે સ્પર્ધા વધુ તીવ્ર બનશે, જેમાં સેવાની ગુણવત્તા અને કિંમતો ગ્રાહકો માટે મુખ્ય પરિબળ બનશે.

### સોના-ચાંદીનાં ભાવમાં સતત ઘટાડા બાદ વધારો થયો

## સોનું ₹572 મોંઘું, ₹1.47 લાખે પહોંચ્યું: ચાંદી ₹2000 વધીને ₹2.10 લાખે પહોંચી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે 16 ઑક્ટોબરે તેજી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 572 રૂપિયા વધીને 1,46,514 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલાં 15 ઑક્ટોબરે તેનો ભાવ 1,45,942 રૂપિયા હતો. જ્યારે, એક કિલો ચાંદી 2,037 રૂપિયા વધીને 2.10 લાખ રૂપિયા થઈ ગઈ છે, જે ગુરુવારે 2.08 લાખ રૂપિયા હતી. ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધે તેમ ભાવ વધે છે. ખરીદીનું પ્રમાણ: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ



(આશરે 40%)ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. લોકલ જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સનો ખરીદી દર નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધીમાં સોનું 13,319 રૂપિયા મોંઘું થઈ ગયું છે. જ્યારે ચાંદી 20,108 રૂપિયા સસ્તી થઈ છે.

31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે હવે 1.47 લાખ રૂપિયા થઈ ગયો છે. જ્યારે 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ઘટીને 2.10 લાખ રૂપિયા થઈ ગયો છે.

આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યા હતા.

## સેન્સેક્સ 413 પોઇન્ટ વધીને 74,729 પર બંધ

- **નિફ્ટીમાં 148 અંકની તેજી; આઈટી અને મીડિયા શેરોમાં સૌથી વધુ ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 16 ઓક્ટોબરે તેજી રહી. સેન્સેક્સ 413 પોઈન્ટ વધીને 74,729ના સ્તરે બંધ થયો. નિફ્ટી પણ 148 પોઈન્ટ ઉછળીને 23,146 પર બંધ થયો. આઈટી અને મીડિયા શેરોમાં સૌથી વધુ ખરીદી થઈ. બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયો છે. સેન્સેક્સ 413.66 પોઈન્ટના વધારા સાથે 74,729.27 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી +148.80 પોઈન્ટના વધારા સાથે 23,146.15 અંકે બંધ થયો. કયા શેર્સમાં દબાણ ?

સપ્ટેમ્બર ક્વાર્ટરના મજબૂત પરિણામો બાદ ટેક મહિન્દ્રાના શેરમાં લગભગ 8%નો વધારો જોવા મળ્યો છે.

બીજી તરફ, ગઈકાલે તેજી દર્શાવ્યા બાદ આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં લગભગ 1.5 %નો ઘટાડો થયો છે. આ ઉપરાંત, એસબીઆઈ (SBI), આઈસીઆઈસીઆઈ બેંક (ICICI Bank) અને આઈટીસી (ITC) જેવી દિગ્ગજ કંપનીઓના શેરો બજાર પર દબાણ બનાવી રહ્યા છે. જોકે, ટીસીએસ (TCS), એમ એન્ડ એમ (M&M), ઈન્ફોસીસ (Infosys) અને ભારતી એરટેલ (Bharti Airtel) જેવા શેરોમાં જોવા મળેલી ખરીદીએ બજારને ટેકો પૂરો પાડ્યો છે.

# અમદાવાદમાં સાહિત્યનો મહાકુંભ: 9 દિવસ પુસ્તકો, ગઝલ, સંગીત અને હાસ્યની રંગત

## નિરંજન ભગતની જન્મશતાબ્દીથી માંડીને ગૌરાંગ વ્યાસની સંગીતમય સૂરાંજલિ, ભજન, લોકનાટ્ય અને દેશભક્તિ ગીતો બનશે આકર્ષણ

અમદાવાદ

પુસ્તકપ્રેમીઓ, સાહિત્યરસિકો અને સંગીતના ચાહકો માટે અમદાવાદમાં નવ દિવસીય સાંસ્કૃતિક મહોત્સવ યોજાવા જઈ રહ્યો છે. શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 24 ઓક્ટોબરથી 1 નવેમ્બર, 2026 દરમિયાન અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ યોજાશે. આ વખતે પુસ્તક પ્રદર્શનની સાથે ગુજરાતી ભાષા, સાહિત્ય, લોકસંસ્કૃતિ અને સંગીતને સમર્પિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.





ફેસ્ટિવલના પ્રથમ દિવસે જાણીતા કવિ, વિવેચક અને અનુવાદક નિરંજન ભગતની 100મી જન્મજયંતી નિમિત્તે વિશેષ કવિ સંમેલન યોજાશે. વિવિધ કવિઓ પોતાની રચનાઓ રજૂ કરીને ગુજરાતી સાહિત્યમાં તેમના યોગદાનને યાદ કરશે. 25 ઓક્ટોબરે 'રિવરફ્રન્ટ રિટ્રીટ' કાર્યક્રમમાં પુસ્તકો, વિચારો અને અમદાવાદની આગવી ઓળખ અંગે સંવાદ યોજાશે.

26 ઓક્ટોબરે 'શબ્દસિમ્ફની' કાર્યક્રમમાં દિવંગત સંગીતકાર ગૌરાંગ વ્યાસની રચનાઓને સંગીતમય શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. 27 ઓક્ટોબરે સૌરાષ્ટ્રની લોકપરંપરાથી પ્રેરિત ગુજરાતી હાસ્યનાટક 'જિથરો ભાભો' રજૂ થશે. 28 ઓક્ટોબરે 'ભજનક્લબિંગ'માં ભક્તિસંગીતને લોકસંગીત અને ફોક-રોકના અનોખા સમન્વય સાથે માણવાની તક મળશે. 29 ઓક્ટોબરે 'હાસ્યરંગ' કાર્યક્રમમાં હાસ્યસાહિત્ય અને હાસ્યપ્રસ્તુતિઓ રજૂ થશે. 30 ઓક્ટોબરે 'સાહિત્ય મને ગમે છે' કાર્યક્રમમાં વાંચનનું મહત્ત્વ અને જીવન ઘડવામાં પુસ્તકોની ભૂમિકા અંગે ચર્ચા થશે. 31 ઓક્ટોબરે ગઝલની મહેફિલ યોજાશે, જ્યારે 1 નવેમ્બરે દેશભક્તિ ગીતોના કાર્યક્રમ 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' સાથે મહોત્સવનું સમાપન થશે. મુખ્ય કાર્યક્રમોની સાથે બાળકો અને સર્જનાત્મક લેખનમાં રસ ધરાવતા લોકો માટે પણ વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. ડોમ-1માં દરરોજ સવારે 10થી બપોરે 1 વાગ્યા સુધી ચિલ્ડ્રન્સ પેવેલિયન રહેશે. અહીં બાળકોને વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડાવાની તક મળશે.

### નવ દિવસ, નવ અલગ રંગ

- **25 ઓક્ટોબર – 'રિવરફ્રન્ટ રિટ્રીટ':** પુસ્તકો, વિચારો અને અમદાવાદની આગવી ઓળખ અંગે સંવાદ યોજાશે. સાહિત્ય અને શહેર સાથે જોડાયેલા અનુભવોની આપ-લે થશે.
- **26 ઓક્ટોબર – 'શબ્દસિમ્ફની':** દિવંગત સંગીતકાર ગૌરાંગ વ્યાસની યાદગાર રચનાઓને સંગીતમય સૂરાંજલિ અર્પણ કરવામાં આવશે. સંગીતપ્રેમીઓ માટે આ કાર્યક્રમ વિશેષ આકર્ષણ બની રહેશે.
- **27 ઓક્ટોબર – 'જિથરો ભાભો':** સૌરાષ્ટ્રની લોકકથાઓ અને પરંપરાથી પ્રેરિત ગુજરાતી લોકહાસ્ય નાટક રજૂ થશે. તેમાં લોકજીવન, વ્યંગ્ય અને વાર્તાકથનની વિશેષતા જોવા મળશે.
- **28 ઓક્ટોબર – 'ભજનક્લબિંગ':** પરંપરાગત ભક્તિસંગીતને લોકસંગીત અને ફોક-રોકની શૈલી સાથે જોડીને રજૂ કરવામાં આવશે. ભજનપ્રેમીઓ માટે આ કાર્યક્રમ અલગ પ્રકારનો સંગીતમય અનુભવ બની રહેશે.
- **29 ઓક્ટોબર – 'હાસ્યરંગ':** ગુજરાતી હાસ્યસાહિત્ય અને હાસ્યપ્રસ્તુતિઓ દ્વારા મુલાકાતીઓને હાસ્યનો આનંદ માણવાની તક મળશે.
- **30 ઓક્ટોબર – 'સાહિત્ય મને ગમે છે' :** રોજિંદા જીવનમાં સાહિત્યનું મહત્ત્વ, વાંચનની વ્યક્તિગત સફર અને જીવનને ઘડવામાં મદદરૂપ બનેલાં પુસ્તકો અંગે ચર્ચા કરવામાં આવશે.
- **31 ઓક્ટોબર – ગઝલની મહેફિલ:** ગઝલપ્રેમીઓ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગઝલની રજૂઆતો દ્વારા સાંજને સંગીતમય બનાવવામાં આવશે.

# હંસપુરા પોલીસ ચોકીમાં બે એડવોકેટ અને PSI વચ્ચે બોલાચાલી

## 'બહાર નીકળી જાવ એટલે વકીલો કંઈ ભાજી-મૂળા છે', ફાતડા કહી ધમકી આપતા PSIએ ચાર સામે FIR કરી....

અમદાવાદ

અમદાવાદના નરોડા પોલીસ સ્ટેશનની હંસપુરા પોલીસ ચોકીમાં બે એડવોકેટ અને પિતા-પુત્ર દ્વારા પીએસઆઈ સાથે બોલાચાલી કરી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. નરોડા પોલીસ સ્ટેશન ખાતે જાહેરમાં તમે ફાતડા છો અને તમને જોઈ લઈશું એવી ધમકી આપી હતી. મેડિકલ તપાસ માટે જ્યારે લઈ જવામાં આવતા હતા, ત્યારે નરોડા પોલીસ સ્ટેશનની મોબાઈલ વાન પર પણ બંને એડવોકેટ ચડી ગયા હતા અને વીડિયો ઉતારવા લાગ્યા હતા. કાયદેસરની ફરજમાં રોકાવટ કરી અને અશ્લીલ શબ્દોનો ઉપયોગ કરવા બદલ પીએસઆઈએ નરોડા



પોલીસ સ્ટેશનમાં એડવોકેટ અને પિતાપુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

નરોડા પોલીસ સ્ટેશનની હંસપુરા પોલીસ ચોકીમાં કે. એસ. કુંપાવત PSI તરીકે ફરજ બજાવે છે. 14 ઓક્ટોબરના રોજ તેઓ પોલીસ ચોકીમાં હાજર હતા અને અરજદાર સુરજકુંવર ચારણ દ્વારા નરેન્દ્રસિંહ ચારણ વિરુદ્ધ અરજી આપી હતી. જેમાં તેઓ વચ્ચે મિલકત સંબંધની તકરાર ચાલતી હતી. નરેન્દ્રસિંહ ચારણ વિરુદ્ધમાં અરજી આપવામાં આવી હતી, જે બાબતે જરૂરી પુરાવા સાથે તેઓને હાજર રહેવા માટે જણાવવામાં આવ્યું હતું, જેથી સાંજે તેઓ પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા. પોલીસ ચોકીમાં તેઓનું નિવેદન નોંધવાની કાર્યવાહી ચાલી રહી હતી, ત્યારે એડવોકેટ તરીકે ઓળખ આપી ધ્રુવ પટેલ અને ભરતભાઈ બંને વ્યક્તિ આવ્યા હતાં. તેઓએ જણાવ્યું કે, અમારા અસીલનું નિવેદન નોંધી તેમને મુક્ત કરી દો, અરજી સંબંધે કોઈ કાર્યવાહી કરશો નહીં. જેથી PSIએ જણાવ્યું કે, અરજદાર અને સામેવાળા પાડોશમાં રહેતા હોવાથી શાંતિનો ભંગ થતાં તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

# સોફ્ટવેર બનાવવાના નામે ઘોડાસરના વેપારી સાથે છેતરપિંડી

અમદાવાદ

અમદાવાદના ઘોડાસરના વેપારી ઋષિક બારોટ સાથે સોફ્ટવેર ડેવલપમેન્ટના નામે 2.86 લાખની છેતરપિંડી થઈ છે. સુરતની 'દુરવાસા ઈન્ફોટેક'ના ડિરેક્ટર દર્શન ચૌહાણે 3.70 લાખમાં સોફ્ટવેર બનાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો, પરંતુ ખામીયુક્ત સિસ્ટમ આપી પૈસા ઓળવી ગયા. વટવા પોલીસે વેપારીની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘોડાસર વિસ્તારમાં રહેતા વેપારી સાથે સોફ્ટવેર ડેવલપમેન્ટના નામે 2.86 લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી છે.

સુરતની એક આઈટી કંપનીના ડિરેક્ટરે સોફ્ટવેર બનાવવાનો કોન્ટ્રાક્ટ લઈ સમયસર કામ પૂરું ન કરી અને ખામીયુક્ત સિસ્ટમ બનાવી રૂપિયા ઓળવી જતાં વટવા પોલીસે વેપારીની ફરિયાદ ના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વેપારીએ ટુકડે-ટુકડે કરીને કુલ 2.86 લાખ રૂપિયા ચૂકવી દીધા હતા.

ન્યુ નરોડામાં સોસાયટીમાં ઘૂસી ચાર શખ્સોએ લાકડી-દંડાથી માર માર્યો

# ગરબામાં ખુરશી બાબતે મહિલાઓના ઝઘડાનું સમાધાન કરાવનાર ચેરમેન પર હુમલો

અમદાવાદ

અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં ગરબામાં ખુરશી પર બેસવા બાબતે બે મહિલાઓ વચ્ચે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. અગાઉના વિવાદમાં સમાધાન કરાવનાર સોસાયટીના ચેરમેન અને શહેર ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અનિલ નાયક પર લાકડી અને દંડા વડે હુમલો કરાયો છે. બહારથી માણસો બોલાવી માર મારવામાં આવ્યો હતો. જે સમગ્ર ઘટના સોસાયટીના CCTV કેમેરામાં કેદ થઈ હતી. આ મામલે નરોડા પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેમાં પોલીસે બે આરોપીની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે. ન્યુ નરોડા વિસ્તારમાં આવેલી સર્જન સ્કાય સોસાયટીમાં રહેતા અનિલ નાયક શહેર ટ્રાફિક પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે અને સોસાયટીના ચેરમેન પણ છે.



નવરાત્રી દરમિયાન સોસાયટીમાં દરરોજ રાત્રે ગરબાનું આયોજન કરવામાં આવે છે. 15 ઓક્ટોબરના રોજ ગરબા દરમિયાન સોસાયટીમાં રહેતી નિધિ લાડવા અને હીનાબેન પંચાલ વચ્ચે ખુરશી લેવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન નિધિ લાડવાના પિતા છગન પણ ત્યાં આવી પહોંચ્યા હતા. જે બાદ બોલાચાલી થઈ હતી. જોકે, વિવાદ વધતાં સોસાયટીના સભ્યોએ વચ્ચે પડી બંને પક્ષે સમાધાન કરાવ્યું હતું. સમાધાન થયાના થોડા સમય બાદ બાઈક પર બે શખ્સો સોસાયટીમાં આવ્યા હતા અને નિધિ લાડવાનું ઉપરાણું લઈને બોલાચાલી કરવા લાગ્યા હતા. તેમનાં નામ પૂછતાં એકે પોતાનું નામ હિતેન્દ્ર લાડવા હોવાનું જણાવ્યું હતું. જ્યારે બીજા વ્યક્તિનું નામ જાણવા મળ્યું ન હતું. સોસાયટીના ચેરમેન અને અન્ય સભ્યોએ બંનેને સમજાવી બહાર મોકલી દીધા હતા

કાગળ પર પાર્ટી, અંદરથી ટેક્સ કૌભાંડ!

# રૂ. 250 કરોડની કરચોરીના આરોપમાં 7 સામે ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

રાજકીય પક્ષને અપાતા દાનના નામે ટેક્સમાં રાહત મેળવવાની વ્યવસ્થાનો દુરુપયોગ કરીને કરોડો રૂપિયાની કરચોરી કરવામાં આવી હોવાનો મોટો મામલો સામે આવ્યો છે. અમદાવાદમાં 'આમ જનમત પાર્ટી' સાથે સંકળાયેલા હોદ્દેદારો અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સહિત સાત વ્યક્તિઓ સામે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તપાસમાં આશરે રૂ. 250 કરોડના કથિત ટેક્સ કૌભાંડનો પર્દાફાશ થયો હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ કાગળ પર રાજકીય પક્ષ ઊભો કરીને બોગસ ડોનેશન અને ખોટા ખર્ચના આધારે કરદાતાઓને ટેક્સમાં કપાતનો લાભ અપાવ્યો હોવાનો આક્ષેપ છે. ઈન્કમટેક્સ વિભાગની તપાસ અનુસાર, નાણાકીય વર્ષ 2022-23 અને 2023-24 દરમિયાન આમ જનમત પાર્ટીનાં બેંક ખાતાંમાં કુલ રૂ. 843,97,43,793થી વધુના શંકાસ્પદ વ્યવહારો થયા હતા. તપાસમાં આ નાણાકીય વ્યવહારો અને ડોનેશનની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. આરોપીઓએ કથિત રીતે એકબીજાની મદદથી ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા અને વાસ્તવિક ખર્ચના પુરાવા વિના ઓડિટ રિપોર્ટ તૈયાર કરીને સરકારી પોર્ટલ પર રજૂ કર્યા હોવાનો આક્ષેપ છે. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, મોટા કરદાતાઓ પાસેથી બેંકિંગ માધ્યમથી રાજકીય પક્ષના ખાતામાં ડોનેશન લેવામાં આવતું હતું. તેના આધારે દાતાઓને આવકવેરામાં કપાતનો લાભ મળતો હતો. ત્યારબાદ, આ નાણાં ચૂંટણીપ્રચાર, રેલી અને જાહેરાત જેવા ખર્ચના નામે વિવિધ કંપનીઓનાં ખાતાંમાં ટ્રાન્સફર કરવામાં આવતાં હોવાનો આરોપ છે.




રોકડ, 14 મોબાઇલ અને જુગારનું સાહિત્ય જપ્ત

# અમદાવાદમાં આંકડાના જુગાર પર SMCની રેડ : 18 આરોપી ઝડપાયા; 3 વોન્ટેડ જાહેર

અમદાવાદ

અમદાવાદ શહેરના શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં આવેલા મીરજાપુર ચોકના મટન માર્કેટમાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ જાહેરમાં ચાલતા આંકડાના જુગાર પર દરોડો પાડી રૂ. 1,18,160નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર બી.પી. દેસાઈની ટીમે કાર્યવાહી દરમિયાન રોકડા રૂ. 37,260, મોબાઈલ ફોન નંગ-14 અને જુગારનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરોડામાં કુલ 21 આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં 18 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે ત્રણ આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયા છે. પકડાયેલા આરોપીઓમાં




અબ્દુલરૂમાન અબ્દુલ રહેમાન પઠાણ, પપ્પુ ગોપીપ્રસાદ રેકવાર, અમીરખાન રહેમાનખાન પઠાણ, મોહમ્મદશરીફ ફારુકભાઈ શેખ, ઝુબેર ઉમરભાઈ ખાંચ, પૂનમભાઈ ચમનભાઈ ઠાકોર અને મોહમ્મદબીલાલ ફરીદમીયા શેખ સહિતના શખસોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મોહમ્મદ સાઈજાદ મોહમ્મદયુનુસ મેમણ, સૈયદમાન શારીકખાન પઠાણ, જયંતિભાઈ કેવલદાસ પરમાર, ગુલાબખાન રશીદખાન, મોહમ્મદસાહેબ બસીરમોહમ્મદ શેખ, મોહમ્મદસોહિલ યુસુફમીયા શેખ, રાજુભાઈ ખાગાજી પરમાર, સંદીપભાઈ વસંતભાઈ શહાણી, સલીમભાઈ કાસમભાઈ સૈયદ, હરેશ મણીલાલ ચૌહાણ અને મોહમ્મદનીસ અબ્દુલગની શેખની ધરપકડ કરવામાં આવી છે. આ ગુનામાં શાહબાઝખાન ઉર્ફે બચ્ચા, ઉસ્માનભાઈ અને રશીદભાઈ નામના ત્રણ આરોપીઓ વોન્ટેડ છે. તમામ આરોપીઓ વિરુદ્ધ શાહપુર પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમો તથા ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સંક્ષીપ્ત સમાચાર

### 108 કર્મીઓએ ઘાયલ યુવાનનો જીવ બચાવી 2.60 લાખની રોકડ પરત કરી પ્રમાણિકતા મહેકાવી

૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓએ ફરી એકવાર માત્ર દર્દીઓનો જીવ જ નથી બચાવતા, પરંતુ સમાજમાં નૈતિકતા અને પ્રમાણિકતાના પણ રક્ષક છે તે સાબિત કરી બતાવ્યું છે. ઝૂંડાલ પાસે બાઈક સ્લીપ થવાને કારણે ગંભીર રીતે ઘાયલ થયેલા એક યુવાનને સમયસર હોસ્પિટલ પહોંચાડવાની સાથે તેના રૂપિયા ૨,૬૦,૦૦૦ની રોકડ અને અન્ય કિંમતી સામાન સુરક્ષિત રીતે તેના પરિવાર-મિત્ર સુધી પહોંચાડીને ૧૦૮ ના કર્મચારીઓએ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. મળતી માહિતી મુજબ, ઝૂંડાલ નજીક એક બાઈક સવાર યુવાનની બાઈક અચાનક સ્લીપ થઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે યુવાનના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહી વહી રહ્યું હતું. આ અકસ્માત અંગે કોઈએ ૧૦૮ ઈમરજન્સી સેવાને કોલ કર્યો હતો. ઝૂંડાલ લોકેશનની ૧૦૮ ટીમના EMT નીલમ ચૌહાણ અને પાયલોટ જલદીપભાઈ પરમાર તાત્કાલિક સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ટીમે ઘાયલ યુવાનને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપી અને વધુ સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ તરફ રવાના થયા હતા. પરંતુ આ સમગ્ર ઘટના દરમિયાન એક વાત નજરે ચડી હતી કે દર્દી ખૂબ જ ગંભીર હાલતમાં હોવા છતાં, પોતાની પાસે રહેલી એક થેલીને હાથમાંથી બિલકુલ છોડતો નહોતો.

### નિકોલમાં 4500ના ભાડે મકાન રાખી પચાવી પાડ્યું, માતા અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

અમદાવાદ શહેરના નિકોલના સીંગરવા વિસ્તારમાં આવેલા અમરનાથપાર્કમાં મહિને રૂ. 4500ના ભાડે રાખેલું મકાન ખાલી ન કરી ગેરકાયદે કબ્જો જમાવી લેતાં માતા અને પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં જાન્યુઆરી 2024થી ભાડું ચૂકવવાનું બંધ કરી મકાન ખાલી કરવાની ના પાડી દીધી હતી. બાપુનગર ઈન્ડિયા કોલોનીમાં રહેતા જીતેન્દ્રકુમાર વસોયા સુમેલ-7માં ટૂલ્સનો વેપાર કરે છે. તેમને વર્ષ 2018માં સીંગરવા ખાતે આવેલું દસ્તાવેજથી ખરીદ્યું હતું. વર્ષ 2019માં આ મકાન શારદાબેન રમેશભાઈ રાવળને ભાડે આપ્યું હતું. વર્ષ 2019થી 2023 સુધી ભાડા કરાર કરી પરિવાર નિયમિત ભાડું ચૂકવતો હતો. જોકે, જાન્યુઆરી 2024થી શારદાબેન અને તેમના પુત્ર પિન્ટુભાઈ રાવળે ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું. મકાનમાલિકે રૂબરૂ જઈને બાકી ભાડું ચૂકવવા તેમજ મકાન ખાલી કરવા વારંવાર રજૂઆત કરી હતી, પરંતુ બંનેએ મકાન ખાલી કરવાની ના પાડી ગેરકાયદે કબ્જો જાળવી રાખ્યો હતો.

### અમદાવાદમાં ધંધુકા હાઈવે પર ડમ્પર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત, કારમાં ભીષણ આગથી ચાલકનું મોત

અમદાવાદ જિલ્લાના ધંધુકા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધંધુકા હાઈવે પર પૂરઝડપે દોડતા ડમ્પરચાલકે આગળ જઈ રહેલી કારને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર બાદ કારમાં અચાનક ભીષણ આગ લાગી જવાથી કારચાલકનું જીવતા જમા બળી જવાથી મોત નીપજ્યું હતું. આ અકસ્માતને પગલે હાઈવે પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને લાંબો ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર, ધંધુકા હાઈવે પરથી પસાર થઈ રહેલી કારને પૂરઝડપે આવી રહેલા ડમ્પરચાલકે અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે અકસ્માત સર્જાતાની સાથે જ વાહનમાં આગ ભભૂકી ઉઠી હતી. આગ એટલી વિકરાળ હતી કે કારચાલકને બહાર નીકળવાની તક સુદ્ધાં મળી ન હતી, જેના કારણે કારની અંદર જ તેનું ભયાનક મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ધંધુકા પોલીસ સ્ટેશનનો કાફલો અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

### અમદાવાદમાં નશામાં ધૂત કાર ચાલકે મોપેડને 1 KM ઢસડ્યું, રસ્તા પર તણખા ઉડ્યા,

અમદાવાદના ડ્રાઈવ-ઈન રોડ સ્થિત હિમાલયા મોલ નજીકના સિગ્નલ પર ઊભેલા મોપેડચાલકને દારૂના નશામાં ધૂત કારચાલકે અડફેટે લેતા એક કમકમાટીભર્યું દ્રશ્ય સર્જાયું હતું. ટક્કર બાદ કારના આગળના ભાગમાં મોપેડ ફસાઈ ગયું હોવા છતાં કારચાલકે ઊભા રહેવાની બદલે મોપેડને આશરે એક કિલોમીટર સુધી રસ્તા પર ઢસડ્યું હતું. જેને કારણે રોડ પર તણખા ઊડતા જોવા મળ્યા હતા. સદ્‌ભાગ્યે આ અકસ્માતમાં મોપેડચાલક યુવકનો આબાદ બચાવ થયો હતો અને તેને માત્ર સામાન્ય ઈજાઓ જ પહોંચી હતી. આ સમગ્ર ઘટનાને પગલે ટ્રાફિક પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી, તેની ધરપકડ કરી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, 15મી ઓક્ટોબરની રાત્રે ડ્રાઈવ-ઈન રોડ પર આવેલા હિમાલયા મોલ ત્રણ રસ્તાના સિગ્નલ પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વાસણા ખાતે રહેતા અને સેલ્સમેન તરીકે નોકરી કરતા 21 વર્ષીય નક્ષત્ર ચૌહાણને ફુલ સ્પીડે આવતી ટેક્સી પાસિંગકારે અડફેટે લીધો હતો. પોતાનું મોપેડ લઈને ઘરે પરત ફરી રહેલો નક્ષત્ર સિગ્નલ પર ઊભો હતો, ત્યારે જ કારે પાછળથી જોરદાર ટક્કર મારતા તે રસ્તા પર પટકાયો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI